આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૨૦/- ○ વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/- ○ Publication 2nd of Every Month

# ઘરશાળા

સ્થાપના : ૧૯૪૪

વર્ષ : ૮૩ • અંક : ૧૧

સળંગ અંક : ૯૯૯

ફેબ્રુઆરી-૨૦૨૪



# વાર્ષિક ઉત્સવ

## સરસ્વતી કુમાર શાળા-૨



















email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# ઘરશાળા

વર્ષ : ૮૩

સળંગ અંક : ૯૯૯ ફેબ્રુઆરી-૨૦૨૪

સ્થાપક તંત્રીઓ : હરભાઈ ત્રિવેદી, રઘુભાઈ નાયક

તંત્રીઓ : જ્યોતીન્દ્રભાઈ દવે, રાજુભા ઝાલા

સહતંત્રી : અશોકભાઈ સોમપુરા

વ્યવસ્થા અને સંકલન : કે. ડી. પટેલ

પરામર્શ : મૃદુલાબહેન ત્રિવેદી, અમિતાબહેન પાલખીવાલા


**આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.**

**શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.**

**પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.**


**-: ઘરશાળા કાર્યાલય સરનામું :-**

સરસ્વતી વિદ્યામંડળ
ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ
સરસપુર, અમદાવાદ - ૩૮૦૦૧૮
ફોન નંબર :- ૦૭૯ -૨૨૯૨૦૫૩૭
મોબાઇલ નંબર :- ૯૨૨૭૭૫૨૫૨૩


## અનુક્રમ


કેળવણી એટલે પૂર્વથી જ માનવમાં રહેલી પૂર્ણતાની અભિવ્યક્તિ... સ્વામી વિવેકાનંદ/૨

સંપાદકીય - દારૂબંધી જ્યોતીન્દ્રભાઈ દવે/૫

આર્થિક પછાત બાળકોના અંધારા ઉલેચનાર શ્રી શંભુજી ઠાકોર હીરજીભાઈ નાકરાણી/ ૭

રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ - પ્રા. ડૉ. ઈશ્વરભાઈ વાઘેલા/૧૪

''મિરેકલ મિલેટ્સ'' ''જુવાર - Sorghum'' - પાલખીવાલા અમિતા મનુભાઈ/૧૭

કેવી નિશાળ ગમશે? - ડૉ. પ્રવીણ મકવાણા/૨૫

શિક્ષક વિદ્યાર્થી સંબંધ - ગિજુભાઈ બધેકાની નજરે... - જીતેન્દ્રકુમાર ચંદ્રકાન્તભાઈ નાયક/૨૮

આકાશની ઓળખ - કુમારપાળ દેસાઈ/૩૦

શિક્ષણનું ખરું મંદિર ગ્રંથાલય - મનસુખ સલ્લા/૩૩

સંસ્થા સમાચાર કે. ડી. પટેલ/૩૪

**વિદ્યાર્થી આલમ**

- અહેવાલ-૧ : ISROની મુલાકાત - વોરા અનુષ્કા એ./૩૬
- અહેવાલ-૨ : શૈક્ષણિક પ્રવાસ (ગાંધી આશ્રમ અને સરદાર પટેલ સ્મારક ભવન) - મકવાણા જૈમિન/૩૭
- વક્તૃત્વ સ્પર્ધા - હાલના સમયહાલના સમયમાં ભગવદ્‌ગીતાનો ઉપયોગ - મકવાણા જૈમિન બંટીભાઈ/૩૮

શિક્ષણ સમાચાર - અશોકભાઈ સોમપુરા/૪૦


## લવાજમ અંગેની માહિતી

| લવાજમ | ભારત | પરદેશ |
|---|---|---|
| વાર્ષિક | ₹ ૨૦૦ | ₹ ૨૦૦૦ |
| ત્રિવાર્ષિક | ₹ ૫૦૦ | ₹ ૫૦૦૦ |
| પાંચ વર્ષ | ₹ ૮૫૦ | ₹ ૮૫૦૦ |

**લવાજમ માટેનો ચેક ઘરશાળા માસિક ના નામે લખી કાર્યાલયના સરનામે મોકલવો. ઓનલાઇન/ ચેકથી લવાજમ ચૂકવો ત્યારે તેની વિગત સાથે ગ્રાહકનું નામ સરનામું વૉટ્સઅપ દ્વારા મોબાઇલ નંબર -૯૨૨૭૭૫૨૫૨૩ પર અચૂક જાણ કરવી.**

-: ઓનલાઇન માધ્યમથી લવાજમ મોકલવા માટે :-
બેંકનું નામ :- બેંક ઑફ બરોડા
ખાતા નંબર :- ૦૮૫૮૦૧૦૦૦૦૧૧૧૭ ખાતાનુ નામ :- ઘરશાળા માસિક
આઇ.એફ.એસ.સી. કોડ :- BARB0SARASP.(Fifth character is zero)

# કેળવણી એટલે પૂર્વથી જ માનવમાં રહેલી પૂર્ણતાની અભિવ્યક્તિ...




કેળવણી શું છે? શું તે ગ્રંથોનો અભ્યાસ છે? ના. શું તે વિવિધ પ્રકારનું જ્ઞાન છે? તે પણ નથી. જે અભ્યાસથી ઈચ્છાશક્તિનો પ્રવાહ અને અભિવ્યક્તિ નિયંત્રણ હેઠળ લાવી શકાય તથા ફળદાયી બનાવી શકાય, તે છે કેળવણી. હવે વિચાર કરો કે જેને પરિણામે ઈચ્છાશક્તિને પેઢીઓ સુધી સતત રીતે પરાણે રૂંધી રાખવાથી તે મોટે ભાગે નાશ પામી ગઈ છે, તે શું કેળવણી કહેવાય? નવા વિચારોનું તો નામ મૂકો, પણ પુરાણા વિચારો પણ એક પછી એક લુપ્ત થતા જાય છે, એ કોના દબાણ નીચે? શું એ કેળવણી છે, કે જે મનુષ્યને ધીરે ધીરે યંત્ર જેવો બનાવે છે?... શિક્ષણ એટલે માત્ર શબ્દોનું ભંડોળ ભેગું કરવું એ નહિ, પરંતુ બુદ્ધિશક્તિનો વિકાસ; અથવા વધારે સાચા અર્થમાં વ્યક્તિની કુશળતાપૂર્વક ઈચ્છાશક્તિનો ઉપયોગ કરવાની તાલીમ... શિક્ષણ એટલે તમારા મસ્તિષ્કમાં ભરવામાં આવેલી, સમગ્ર જીવન સુધી પચ્યા વિના પડી રહીને તોફાન મચાવનારી માહિતીનો ઢગલો નહિ. આપણે તો જીવન ઘડનારા, મનુષ્ય ઘડનારા, ચારિત્ર્ય ઘડનારા વિચારોનું ગ્રહણ-મનન જોઈએ છે. જો તમે વિચારોને પચાવ્યા હોય અને તેમને તમારા જીવન અને ચારિત્ર્યમાં ઉતાર્યા હોય તો, જે માણસે આખી લાઈબ્રેરી ગોખી લીધી છે તેના કરતાં તમે વધુ કેળવાયેલા છો.

**- સ્વામી વિવેકાનંદ**


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

## સંપાદકીય



જ્યોતીન્દ્રભાઈ દવે

### દારૂબંધી

તાજેતરમાં ગુજરાત સરકારે રાજ્યના આર્થિક વિકાસ માટે દેશની અને વિદેશની ખાનગી કંપનીઓને આકર્ષિત કરવા માટે ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં દારૂબંધી હળવી કરી મર્યાદિત છૂટછાટ આપવાનો નિર્ણય કર્યો છે.

ઉપરોક્ત નિર્ણય ચર્ચાસ્પદ થયો છે. નિર્ણયના અમલ અને આડઅસરો અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. એક ખાસ વર્ગને ધ્યાનમાં રાખી આ નિર્ણય કેટલો વાજબી છે તે પણ વિચારવું રહ્યું. દારૂબંધી હળવી કરવાથી રોકાણકારો ગુજરાતમાં હળવાશ અને મોકળાશ અનુભવશે. ગાંધીનગરમાં શ્રેષ્ઠીઓ, શ્રીમંતો અને રાજ્યના પદાધિકારીઓ માટે મદિરાપાન સરળ બનશે.

અમારા મત મુજબ, ગુજરાતમાં દારૂબંધી અંગે સામાજિક, આર્થિક અને બદલાતા માનવીય મૂલ્યોના પરિપ્રેક્ષમાં સમગ્રપણે તંદુરસ્ત અને તટસ્થ વિચારની/ચર્ચાની જરૂર છે.

દારૂના ફાયદા અને ગેરફાયદાથી આપણે શિક્ષિતો સુપેરે પરિચિત છીએ. દારૂને કારણે ઊભી થતી સામાજિક/કૌટુંબિક પરિસ્થિતિથી આપણે વાકેફ છીએ. કદાચ આ જ કારણને કેન્દ્રમાં રાખી કેટલાંક ધર્મોમાં દારૂનો નિષેધ કરવામાં આવ્યો છે. ગાંધીએ આ વિચારને આગળ ધપાવી સામાજિક આંદોલન ઊભું કરવાનો પ્રયાસ કર્યો હતો.

ગરીબ સમાજમાં દારૂના વ્યસનને કારણે કુટુંબમાં સ્ત્રીઓ અને બાળકોને વધુ સહન કરવું પડે છે. ગરીબીનું કારણ દારૂ છે અને દારૂને કારણે ગરીબી પણ છે. આમ દારૂ અને ગરીબી સમાંતર ચાલે છે. દુનિયાના ગરીબો દુઃખો, વ્યથા, ચિંતા અને વ્યગ્રતા ઓછી કરવા દારૂ પીવે છે. એક આનંદમય પ્રદેશમાં જીવવાનો આ કદરૂપો પ્રયાસ છે. ગરીબો પાસે આનંદના વિકલ્પો ઓછા છે અને જે વિકલ્પો જીવનમાં આનંદ આપે છે, તે એમની પહોંચ અને સમજ બહારના છે. પરિણામે ગરીબોમાં દારૂનું દૂષણ વધુ વ્યાપક છે.

શ્રેષ્ઠીઓ, શ્રીમંતો અને ધનવાનો તેમનાં સંતાનોમાં દારૂ એક સામાજિક મોભો, જે પહેલાં પણ હતો અને વર્તમાનમાં પણ છે. આ વર્ગ માટે ધંધાકીય હિતો, સંબંધો અને લાયઝન માટેનું એક સાધન છે. દારૂનો ઉપયોગ નિજાનંદ માટે નહીં, પણ ધંધાકીય હિતોને વિકસાવવાનું એક રસાયણ છે. આમ ગરીબો અને ધનવાનો દારૂને પસંદ કરે છે. બંનેના હેતુ અને ઉપયોગમાં ફેર છે. ટૂંકમાં સમાજના ગરીબ કે તવંગર બન્ને વર્ગોમાં દારૂની ટેવ/કુટેવ વ્યાપક છે તે સ્વીકારવું જ રહ્યું.

ગુજરાતમાં દારૂબંધી ૭૦/૭૫ વર્ષથી અમલમાં છે. ગાંધી વિચાર અને આદર્શને અમલમાં

મૂકવાનો આ સરકારી પ્રયાસ છે. દારૂબંધીનો અમલ અસરકારક થયો નથી. વ્યસનનો વ્યાપ એટલો મોટો થતો જાય છે કે સરકાર લગભગ નિષ્ફળ થઈ છે, તેમ કહેવું આસ્થાને નહીં ગણાય.

આમ પણ સમાજ કે વ્યક્તિની પ્રકૃતિ, સ્વભાવ કે રિવાજોમાં પરિવર્તન સરકાર દ્વારા કરી શકાય નહીં. આપણાં સૌની માનસિકતા એવી છે કે બધું સરકારે જ કરવાનું છે. સરકાર શુદ્ધ હેતુથી કરેલા કાયદાઓનો અમલ અસરકારક રીતે કરી શકી નથી. દારૂબંધીનો સૌથી મોટો ફાયદો તો પોલિસ અને સરકારી એજન્સીઓને થયો છે. દારૂબંધીના ઓઠા હેઠળ ભ્રષ્ટાચાર અને હપ્તાનો વ્યાપ ખૂબ વધ્યો છે. એક અંદાજ મુજબ રોજની કરોડોની આવક સરકારના ભ્રષ્ટતંત્રને મળે છે. બીજીબાજુ ગરીબોને દારૂ મોંઘો અને ગુણવત્તાના કોઈપણ નિયમન વગરનો, હલકા પ્રકારનો શરીરને નુકસાન થાય તેવો મળે છે.

અન્ય રાજ્યોમાંથી ચોરી છૂપીથી આપણા રાજ્યમાં આવે છે. સત્તાવાર દારૂના વેચાણ અને ઉત્પાદન ઉપર પ્રતિબંધ હોવાથી રાજ્ય સરકારને ટેક્ષની આવક મળતી નથી અને ગેરકાયદેસર દારૂ મોંઘો અને હલકી ગુણવત્તાવાળો મળે છે.

ઉપરોક્ત વિગતોનો વિચાર કરીએ ત્યારે એક બાબત એ છે કે દારૂનો વપરાશ સરકાર ઘટાડી શકી નથી. મોટી આવકને ભોગે પણ સામાજિક સુધારાનું કાર્ય અસરકારક થયું નથી. આડઅસર તરીકે ભ્રષ્ટાચાર અને હપ્તારાજનો વ્યાપ વધ્યો છે. બુટલેગરો પૈસાના જોરે બેફામ થયા છે.

તો કરવું શું? અમારા પ્રમાણિક મત પ્રમાણે દારૂબંધીનું કામ સરકારનું નથી. સમાજના હિતમાં દારૂબંધી જરૂરી છે તે પણ એક હકીકત છે. આ કામ સ્વૈચ્છિક સંગઠનો, સામાજિક સેવાભાવી સંસ્થાઓ, જ્ઞાતિના મંડળો અને રાજકીય પક્ષોના યુવા સંગઠનો તેમજ મહિલા સંગઠનો જ અસરકારક રીતે કરી શકે. ગાંધીજીના સમયમાં સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું હતું. છતાં દારૂના અડ્ડા ઉપર સત્યાગ્રહ કે પિકેટિંગ કરવા મહિલાઓ આગળ આવી હતી. આજે શિક્ષિત સ્ત્રીઓનું સંગઠન આ કામ કરી શકે. આપણો અનુભવ છે કે છેલ્લા થોડા વર્ષોથી જ્ઞાતિ આધારિત સંગઠનોએ સમાજ સુધારા માટે અગત્યની ભૂમિકા નિભાવી છે. જ્ઞાતિના સંગઠનોએ આ સુધારા માટે આગળ આવી સક્રિય કામગીરી કરવી જોઈએ.

સરકાર કરતાં જ્ઞાતિના સંગઠનોની પક્કડ સમાજ ઉપર વધુ છે. ધર્મના વડાઓએ વ્યસનમુક્તિ માટે રચનાત્મક કામગીરી કરી છે પણ તેની અસર ઓછી દેખાય છે. હજી તેને વધુ અસરકારક બનાવવાની જરૂર છે. અમારા મત મુજબ સકારાત્મક/રચનાત્મક કામગીરીને સરકાર દ્વારા પ્રોત્સાહન મળવું જોઈએ. રાજકીય પક્ષોએ પણ દારૂબંધી અંગે સકરાકાત્મક અને રચનાત્મક કાર્ય કરવું જોઈએ. દારૂબંધીના સુધારા માટે સરકારે પ્રોત્સાહન આપી ઉદ્દિપકની ભૂમિકા ભજવવી જોઈએ. દારૂબંધીની સફળતાનો આ જ એકમાત્ર વિકલ્પ છે.

# આર્થિક પછાત બાળકોના અંધારા ઉલેચનાર

**શ્રી શંભુજી ઠાકોર પ્રમુખશ્રી, લોકસેવા ટ્રસ્ટ, ચાણસ્મા**

**- હીરજીભાઈ નાકરાણી**

જે સંસ્થાનો સંચાલક પ્રાણવાન, પ્રામાણિક, સતર્ક, કાર્યશીલ અને નિષ્ઠા તથા દૃષ્ટિવંત હોય, પૂર્ણ કાર્યક્ષમ હોય તો તે સંસ્થાનું પોત મજબૂત બને છે. સાથી સેવકો, આચાર્ય, શિક્ષકો અને અન્ય નાના મોટા તમામ સેવકો અને બાળકો સંસ્થાને વફાદાર રહીને કંઈક કરી છૂટવાના સદ્‌ભાવથી સંસ્થામાં જોડાયા હોય તો સંસ્થાનું ઉમદા ચારિત્ર્ય ઘડતર કરી શકે છે. આવી સંસ્થા જ દેશના નાગરિકોનું ચારિત્ર્ય ઘડતર કરી સાચા રાષ્ટ્રનિર્માણમાં મહત્તમ ફાળો આપી શકે છે. એમ કહેવાય છે કે મોર તેના સુંદર પીંછાંથી રળિયામણો લાગે છે. આમ સંસ્થાના તમામ કર્મચારી પીંછા બની જાય તો સંસ્થા પણ રૂડીને રૂપાળી ને રળિયામણી બની જાય છે.

આવી એક સંસ્થા લોકસેવા ટ્રસ્ટ, ચાણસ્મા સંચાલિત નિવાસી પ્રાથમિક શાળા, કારોડાના વાર્ષિકોત્સવ, વાલી સંમેલન અને ધોરણ-આઠના વિદ્યાર્થીઓના વિદાય સમારંભમાં મારે અતિથિ વિશેષ તરીકે ૫ માર્ચ-૨૦૨૩નું નિમંત્રણ મળતા જવાનું થયું. કાર્યક્રમ ૯:૩૦ વાગે શરૂ થવાનો હતો તેથી સુરેન્દ્રનગરથી લગભગ દોઢસો કિ.મી.નું અંતર કાપીને અમે બરાબર ૯ વાગે સંસ્થાના મુખ્ય દરવાજામાં પ્રવેશ કર્યો.

સંસ્થાના પ્રમુખશ્રી શંભુજી ઠાકોર, મંત્રીશ્રી સુરેશભાઈ સથવારા, સહમંત્રીશ્રી જયંતિભાઈ નાયી અને આચાર્યા ચેતનાબેન પટેલ સાથે નાની બાળાઓ સ્વાગત માટે તૈયાર જ હતી. કંકુ તિલક અને અક્ષતથી અમારું ભાવભીનું સ્વાગત કર્યું.

ઘટના લગભગ ઓગણપચાસ વર્ષની જૂની છે પણ આ પ્રસંગના પ્રમુખ સાથેના સંબંધો ભૂતકાળને તાજો કરે છે. શ્રી શંભુજી મૈત્રી પી.ટી.સી. કૉલેજ, સુરેન્દ્રનગરમાં ૧૯૭૫માં ભાષાના અધ્યાપક તરીકે ઈન્ટરવ્યુમાં આવ્યા હતા. પસંદગી કમિટિમાં પ્રિન્સિપાલ તરીકે મારે પણ બેસવાનું હતું. તેમનું નામ જાહેર થયું. તેઓ ઑફિસમાં કમિટિ સમક્ષ હાજર થયા. તેમને પ્રશ્ન પૂછવાનો મારો વારો આવ્યો ને મેં તેમને પ્રશ્ન કર્યો.

‘‘શું નામ છે તમારું’’

શંભુજી ઠાકોર

‘‘તમારી કોઈ વિશેષ અભિયોગ્યતા છે?’’

‘‘હા સંગીત જાણું છું ગાઈ શકું છું.’’

‘‘તો પછી તમને મનગમતું ભજન કે ગીત ઠબકારો’’

તેમણે ભક્ત નરસિંહ મહેતાએ ગાયેલું એક ભજન ‘‘રામ સભામાં અમે રમવાને ગ્યાંતા’’ ગાઈ સંભળાવ્યું. આ ભજન તેમણે શરમ, સંકોચ અને નિર્ભયતાથી ખુલ્લા સ્વરે અને ખુલ્લા દિલે ગાયું. પૂર્ણ ભાવથી સુમધુર કંઠે ગાયું. તેમની અભિવ્યક્તિએ સૌને પ્રભાવિત કરી દીધા. સૌને હૈયે વસી ગયા. તેમનો સર્વિસનો ઓર્ડર નીકળી ગયો. બસ ત્યારથી આ સરળ, સહજ ઋજુ પુરુષ મારા હૈયામાં વસી ગયા. પી.ટી.સી. કૉલેજમાં ભાષાના અધ્યાપક તો રહ્યા જ પણ સાથે સાથે પ્રાર્થના, ભજન, ધૂન અને તમામ સાંસ્કૃતિ પ્રવૃત્તિઓની જવાબદારી પણ પૂર્ણ કરતા રહ્યા.

તેમના ગામ કેશણી નજીક ગાંધી આશ્રમ ઝિલિયા સંચાલિત ઉત્તર બુનિયાદી શાળામાં ભાષા શિક્ષક તરીકે નિમણૂક મળતા જોડાઈ ગયા અને અમારાથી અલવિદા થયા. અહીં શંભુજી સાથે સેવા આપતા શ્રી સોમાભાઈ સથવારા સાથે મૈત્રી જામી. રોજ હળતા, મળતા અને શિક્ષણની વાતો થયા કરતી. એક દિવસ સોમાભાઈને સ્વતંત્ર સંસ્થા ઊભી કરવાનો વિચાર આવ્યોને મિત્ર ભાવે શંભુજીને વાત કરી. સાથે જોડાવાનું એલાન કર્યું તેમને ગમ્યું અને નવા ટ્રસ્ટની રચના કરવાનું નક્કી કર્યું. ટ્રસ્ટ માટે બીજા પાંચ સભ્યો માટે તેઓની સાથે કામ કરી રહેલા શિક્ષકો ને વાત કરી. તેઓ પણ જોડાવા તૈયાર થયા. તેમાં એક બહેન હતા સોમાભાઈના પત્ની અમૃતાબા હતા સોમાભાઈ અણીશુદ્ધ પ્રામાણિક નિષ્ઠાવાન અને કાર્યકારો બાળકોમાં પ્રિય પાત્ર હતા. ગ્રામ્ય વિસ્તારના બાળકોમાં જીવન ઘડતરમાં ઉમદા ફાળો આપ્યો હતો. પત્ની અમૃતાબા પણ એટલા જ પ્રેમાળ, સેવાભાવી અને બાળકોના વાત્સલ્યપૂર્ણ હતા. આ દંપતી હંમેશાં પ્રેરણામૂર્તિ રહ્યા છે.

ટ્રસ્ટની રચનામાં પ્રમુખ તરીકે સોમાભાઈ પસંદ થયા. ઉપપ્રમુખ તરીકે શંભુજી, મંત્રી રમણભાઈ સથવારા, સહમંત્રી જયંતિભાઈ નાયી, ઉપપ્રમુખ જયંતીભાઈ પટેલ અને બાકીના ટ્રસ્ટીઓમાં ચાર ટ્રસ્ટીઓ જોડાયા. ટ્રસ્ટનું રજિસ્ટ્રેશન ૧૯૯૦માં કરાવ્યું અને શ્રેણી ૧ થી ૭ સુધીની આશ્રમ શાળાની વિધિસર મંજૂરી ૧૯૯૪માં મળી અને કારોડા ગામના પાદરમાં આવેલ હનુમાનજીના મંદિરના એક રૂમમાં ૩૦ બાળકોથી જૂન-૯૪માં પ્રાથમિક શિક્ષણનો પ્રારંભ થયો.

સરકાર પાસે અલગ જમીનની માગણી કરી. સરકારે ગામથી એકાદ કિ.મી. દૂર ચાણસ્માના રસ્તે ખરાબાની ૫ એકર જમીન ૯૯ વર્ષના લીઝ પર આપી/જૂન-૧૯૯૭ આ જમીન લેવલ વગરની ઉબડખાબડ અને તેમાં ગાંડા બાવળિયાનું જંગલ છવાયેલું હતું. તે સાફ કરાવી જમીન લેવલ કરાવી. તેના અડધા ભાગમાં પિયત ખેતી માટે ફાળવી. અને અડધા ભાગમાં શિક્ષણ સંકુલ ઊભું કરવાનું નક્કી કર્યું. પ્રથમ વૃક્ષારોપણ સપ્ટેમ્બર ૧૯૯૭માં કરવામાં આવ્યું (માર્ચ-૧૯૯૮). જાન્યુઆરીમાં મકાન શિલાન્યાસ થયા પછી બાળકો માટે છાત્રાલય, ભોજનાલય, અન્નપૂર્ણા, સંડાસ, બાથરૂમ, શિક્ષક નિવાસ, ઑફિસ વગેરેનું બાંધકામ શરૂ કર્યું.

જમીન સંપાદન થતાં આશ્રમશાળા ,ભોજનાલય અને રસોડું, બાથરૂમ - સંડાસ યુનિટ અને કર્મચારી નિવાસના બાંધકામ માટે નાણાંકીય જરૂરિયાત ઊભી થઈ. આશ્રમશાળાને શરૂ થયે ત્રણ વર્ષ પૂરાં થવાથી ટ્રસ્ટે પોતીકાં મકાન બાંધવાનું નિયમ પ્રમાણે આવશ્યક હતું. આ પ્રથમ તબક્કાનું ખર્ચ અંદાજે વીસ લાખ રૂપિયા થાય તેમ હતું. તે પૈકી દસ લાખ રૂપિયા જેટલી લોકમદદ જરૂરી હતી. વળી પાછી વસમી વિમાસણ પેદા થઈ. આ માટે મુરબ્બીઓ અને મિત્રોની હૂંફ અને હૈયાધારણ મેળવવા અપીલ કરવામાં આવી. જેનો સાનુકૂળ પ્રતિસાદ સાંપડતાં હિંમત અને ઉત્સાહમાં વૃદ્ધિ થઈ. એકજ વર્ષમાં નિર્ધારિત બાંધકામ લગભગ પૂરું કરવામાં આવ્યું. આશ્રમશાળા સંકુલ બાંધકામ ખર્ચ અંગે આર્થિક મૂંઝવણ હળવી કરવામાં અને માર્ગદર્શક બનવામાં સર્વશ્રી પી. પી. પટેલ, માલજીભાઈ દેસાઈ, આર. કે. પટેલ, નટુભાઈ સી. પટેલ,

ધીરૂભાઈ શાહ, ભાઈલાલભાઈ મો. પટેલ, યામિનીબેન બી. પટેલ, નારણભાઈ બી. પટેલ, ઝવેરભાઈ મો. પટેલ, નારણભાઈ લી. પટેલ, વિવેકભાઈ પ્ર. પટેલ તેમજ તમામ નામી અનામી મહાનુભાવોના સહયોગથી સરકારનાં પ્લાન મુજબ અને સરકારી સહાય અને દાતાઓના દાનથી ૧૯૯૮માં બાંધકામ પુરું થયું.

શાળા કુદરતને ખોળે ખુલ્લા પરિસરમાં ફેરવાઈ ગઈ. બાળકો ખુશખુશાલ, ટ્રસ્ટીઓ ખુશખુશાલ, શિક્ષકો અને અન્ય સેવકો પણ ખુશખુશાલ.

સંસ્થાના આદ્યસ્થાપક સોમાભાઈ સથવારાના અથાગ પ્રયત્નોથી શિક્ષણ સંકુલમાં વિવિધ વૃક્ષો ઉછેરવાનું શરૂ થયું. બાળકોના સહકારથી પાંચ વર્ષમાં સંકુલ હરિયાળું બની ગયું. વૃક્ષોની શીતળ છાયામાં બાળકોએ લેસન કરવાનું શરૂ કર્યું. પક્ષીઓનો કલરવ પણ થવા લાગ્યો. ફૂલ છોડથી ધરતી સુગંધિત થઈ ગઈ. દાતાઓએ ક્રિડાંગણ માટે સાધનો આપ્યા. બાળકો ખુશખુશાલ. નિત્ય તેનો ઉપયોગ નવરાશના સમયે થવા લાગ્યો.

સંસ્થાના ઉપપ્રમુખ ૨૦૦૯માં સેવા નિવૃત્ત થયા. એટલે નવરાશનો સમય બાળકો માટે ફાળવ્યો. ૨૦૧૫માં સોમાભાઈનું અવસાન થતાં ટ્રસ્ટીઓએ શંભુજીને પ્રમુખ બનાવ્યા. સાતેક વર્ષથી પ્રમુખ તરીકેની તમામ ફરજોને ધર્મકાર સમજીને અદા કરી રહ્યા છે. કેશણીથી જ્યારે જરૂર પડે ત્યારે સંસ્થામાં આવે અને સાંજે બાળકો જમી લે પછી પોતાના ગામ જતા રહે છે.

**સેવકો :** સંસ્થામાં કાયમી નિવાસ કરનાર ટ્રસ્ટી અને મંત્રી સુરેશભાઈ સથવારા નિવૃત્ત થઈને પરિવાર સાથે સંસ્થામાં જ રહીને સેવા આપે છે.

**વિદ્યાર્થીઓ :** આ નિવાસી શાળા સહશિક્ષણની છે. એટલે હાલ તેમાં કુલ ૧૪૦ની સંખ્યા છે. જેમાં કુમારો ૧૦૫ અને કુમારિકાઓ ૩૫ છે. બંનેના છાત્રાલયો અલગ અલગ છે. કન્યા છાત્રાલયના ગૃહમાતા આચાર્યા બહેન ચેતનાબહેન સંભાળે છે અને કુમારના છાત્રાલયના ગૃહપતિ તરીકે પરિસર નિવાસી ત્રણ શિક્ષક મિત્રો મળીને સંભાળે છે.

આચાર્યા બહેન સૌથી જૂના કાર્યકર છે. તેઓ ૧૯ વર્ષનો શિક્ષણ અનુભવ ધરાવે છે. તેમણે પોતાની ફરજને ધર્મકાર્ય ગણ્યું છે અને આજીવન સેવક તરીકે અહીં રહેવા માગે છે. તેઓ મૂળ ઊંઝા નિવાસી છે. તેમના પતિ અને દીકરો સાથે રહે છે. પતિ વેપારી છે. તેમનો વેપાર પાટણમાં ચાલે છે. બહેનના સસરા-સાસુ પ્રસંગોપાત સેવા આપવા પહોંચી જાય છે. મહેમાનોને જમાડવાની વ્યવસ્થા સંભાળી લે છે. ચેતનાબહેન ભાગ્યશાળી છે કે તેમના કામમાં પરિવારના તમામ સભ્યો કામે લાગી જાય છે. આમ મહત્ત્વની જવાબદારીમાંથી તેઓ મુક્ત રહીને સમગ્ર સંચાલન કરતા હોય છે. આવું ભાગ્યેજ કોઈ સંસ્થામાં જોવા મળે છે. પોતે એ.ટી.ડી. થયેલા છે એટલે કલાની સૂઝ પણ ધરાવે છે.

બહેન મળતાવડા હસમુખા અને હોંશિલા છે. નામ પ્રમાણે ગુણ ધરાવે છે. વૈશ્વિક ચેતનાનું અવતરણ આ ધરતી પર અનુચેતના સ્વરૂપે થયું છે. પરિસરમાં રહેતા નાનાં નાનાં દીવડાઓને આંતરિક ઊર્જા આપવાનું

પાવરહાઉસ બની રહેલ છે.

શિક્ષકો પરિસરમાં જ રહેતા હોવાથી નિત્ય તમામ કાર્યોમાં વિદ્યાર્થીઓના સંપર્કમાં રહે છે. એટલે દરેક બાળકની ખૂબીઓ અને ખામીઓના જાણકાર હોય છે. કયા બાળક પાસેથી કઈ રીતે કામ લેવું તેની ટેકનિક બરાબર જાણતા હોય છે. બાળકો પાસે કામ કાઢવવા માટેનું એક પરિબળ મહત્ત્વનું છે અને તે છે પ્રેમ. મીઠીવાણી અને હૃદયની લાગણી પણ મદદરૂપ થાય છે. વર્ગશિક્ષણ સિવાયનો સમય પણ અભ્યાસપૂરક પ્રવૃત્તિઓમાં આપે છે. બાળકો સાથે સમૂહ સફાઈ કે શ્રમમાં જોડાવું, બાગ-બગીચાના કામમાં જોડાવું, રમત-ગમત અને અન્ય ઈત્તર પ્રવૃત્તિઓમાં બાળકોને રસ લેતા કરવા વગેરે સતત સંપર્કથી વસુધૈવકુટુંબકમ્‌ની સદભાવનાથી સૌ હળી-મળીને રહે છે.

ક્યારેય નહીં કોઈ વાદ-વિવાદ, નહીં કોઈ સંઘર્ષ, નહીં કોઈ દુર્ભાવ. પરસ્પર સદ્‌ભાવના અને પ્રેમ નીતરતા જોવા મળે છે. તમામ સેવકો પોતાની ફરજને ધર્મકાર્ય ગણીને, સમજીને પોતાને ફાળે આવતી તમામ જવાબદારીઓ અદા કરે છે.

**પ્રવેશ પામતા બાળકો :**

સૌથી કઠિન કામ પહેલા ધોરણના બાળકોને સાચવવાનું છે. માતા-પિતાનો સહવાસ છોડીને સાવ અજાણી ભૂમિ, અજાણ્યું વાતાવરણ, અજાણ્યો માનવ પરિવાર અને અજાણ્યા રહન-સહનમાં ભળી જવું તે બહુ કઠિન કામ છે. બાળકોને વિશાળ પરિવારમાં ઘરનું વાતાવરણ અનુભવવા મળે, પોતાના સ્વજનો જેટલો પ્રેમ, હૂંફ અને લાગણીની અપેક્ષા પૂરી પાડી શકાય તો છાત્રાલય એક ઘર બની જાય. આ ઉંમરના બાળકોને અઢળક પ્રેમ, સહાનુભૂતિ, નિર્ભયતા, સલામતી અને સુરક્ષા તેમજ ઋજુતા સિવાય કંઈ જ જોઈતું નથી. આ બધું મળે તો કેળવણીનું ધરુવાડિયું તૈયાર થાય. જો ધરુવાડિયું મજબૂત અને તંદુરસ્ત હોય તો તેના પર કેળવણીની ઈમારત સારી રીતે ચણી શકાય.

આ કામ ઘણું અઘરું છે પણ અશક્ય નથી. જો દિલમાં હોંશ હોય, ઉત્સાહ હોય તો બધું સરળ બની જાય છે. એમ કહેવાય છે કે એક માતા સો શિક્ષકની ગરજ સારે છે. પણ તેનાથી ઉલટું સો શિક્ષક એક માતાની ગરજ સારે તો કેળવણીનો પાયો મજબૂત અને નક્કર બની શકે.

લોહચુંબક આખરે તો લોખંડનો એક ટુકડો જ હોય છે. પણ તેની ભીતર અમાપ ઊર્જા ભરી પડી હોય છે. બહારથી તેને હાથમાં પકડવાથી કે સ્પર્શ કરવાથી અનુભવાતી નથી. પણ હાથમાં એક નાની ટાંકણી પકડી તેની નજીક લાવો એટલે તરત જ ઊર્જાનો અનુભવ થાય છે. આ ટુકડો સામાન્ય લોખંડનો નથી પણ અદૃશ્ય ઊર્જાથી ભરેલો હોય છે.

બાળકો ગુરુઓમાં રહેલ ચૈતન્ય તત્ત્વની ઊર્જાથી ખેંચાઈને ગુરુ પાસે આવતા હોય છે. ગુરુ પોતાની ઊર્જાનો ઉપયોગ બાળકમાં છુપાઈ ને પડેલ ઊર્જાને બહાર કાઢવાનું કામ સારી રીતે કરી શકે છે. આજે આવા સાચા ગુરુઓની ખોટ પડી રહી છે. શિક્ષકો તો સોળને ભાવે ઘણા મળી રહે છે અને વેચાય પણ છે. શિક્ષકનું કામ ચાર દિવાલમાં બેઠેલ બાળકોને અક્ષરજ્ઞાન આપવાનું છે અને તે કમ્પ્યૂટરનો ઉપયોગ કરતો થઈ જાય છે તો માહિતીનો ભંડાર પોતાના પગમાં લાવી શકે. આજે આ કામ બહુ સરળ થઈ ગયું છે. શિક્ષકોનું મૂલ્ય

દહાડે દી ઘટતું રહ્યું છે. એટલે મહાશાળા અને કૉલેજમાં વિદ્યાર્થીઓ બહુ હાજરી આપતા નથી. એને ખબર છે કે યુટ્યૂબનું બટન દબાવો એટલે સામે જોઈતી માહિતી તરત જ મળી જાય છે. શિક્ષક વગર અભ્યાસ અટકતો નથી.

આજનો શિક્ષક, શિક્ષક મટીને ગુરૂ બનાવાની ક્ષમતા પ્રાપ્ત કરી લે તો જ વાસ્તવિક કેળવણી અને સંસ્કાર ઘડતરનું સારું કામ થઈ શકે. નિવાસી આશ્રમ શાળા કે નિવાસી હાઈસ્કૂલો અને કૉલેજોની જરૂર છે. જે આજના બાળકોને શિક્ષકની જરૂર નથી ગુરૂની જરૂર છે. સાચા મિત્રની જરૂર છે. જે શિક્ષક બાળકોનો મિત્ર બની જશે તે ફાવશે અને જે શિક્ષક ગુરુત્વ પ્રાપ્ત કરી લેશે તે અનેક બાળકોને ગુરુત્વથી તારી દેશે.

લોકસેવા ટ્રસ્ટ ગુરુત્વની ભાવનાના બળે સર્જાયું છે. આ ભાવનાને વ્યવહારુ બનાવવા માટે આશ્રમનો પરિવાર સતત અને સખત મહેનત કરી રહ્યો છે. દરેકની વિશિષ્ટ અભિયોગ્યતાને કામે લગાડી બાળકોની આંતરિક ઊર્જાને કેમ અને કેવી રીતે બહાર કાઢવી તે માટેની વિવિધ શિક્ષણ પૂરક પ્રવૃત્તિઓ આપીને બહાર કાઢવાનું કામ થઈ રહ્યું છે. ભણતરનું કામ શિક્ષકો જરૂર કરી શકે પણ ગણતર અને ચણતરનું કામ ગુરુ વગર શક્ય નથી. શિક્ષક ગુરુત્વ પ્રાપ્ત કરી લે તો ગણતર અને ચણતરનું કામ સાવ સરળ બની જાય. અહીં ભણવા કોણ આવે છે?

પાટણ જિલ્લાની સંખ્યા ૭૮ છે. તેમાં ૭૨ જેટલા તો ઠાકોરોના બાળકો છે. એટલે કે ૫૦% નું પ્રમાણ છે. બાકી ૫૦% ટકામાં ૨૪ સંખ્યા ભરવાડ, રબારીની અને ૭ સંખ્યા દરબાર, રાવળ, સથવારા અને ગરાસિયાની છે. આ રીતે જોઈએ તો મોટા ભાગની સંખ્યા ઠાકોર બાળકોની છે. આ સિવાય ભીલ-૨૫, ખોખરિયા-૫, ખરાડી-૩ અને દંતાણી (દેવી પૂજક)-૩ બાળકો ભણે છે.

આર્થિક રીતે ભાંગી પડેલા લોકોના ઘરને માટીની ચાર દિવાલ પણ હોતી નથી. ગામના પાદરમાં કે સીમના કોઈ વૃક્ષ નીચે ઘાસ, પાંદડાના ઝૂંપડા બનાવીને રહેતા હોય છે. ખેતીમાં કે શહેરમાં જ્યાં છૂટક મજૂરી મળી રહે ત્યાં ઝૂંપડપટ્ટીમાં રહી શહેરની ગટરનું ખોદકામ કરે છે. નવી કોઈ પાણી, વિજળી કે તાર, ટેલિફોન લાઈન ખોદવાની કાળી મજૂરી કરીને પેટિયું રળે છે.

પેઢીઓથી જેના નસીબમાં અક્ષરજ્ઞાન લખાયું નથી, જેના ભાગ્યમાં સુખનો રોટલો લખાયો નથી, સુવા-બેસવાનો પાકો ઓટલો નથી અને રોટલા માટે ઝઝૂમતી પ્રજાના બાળકો આ સંસ્થામાં ભણવા આવે છે.

જિલ્લાની દૃષ્ટિએ જોઈએ તો પાટણ સિવાય પાંચ જિલ્લાનાં બાળકો અહીં ભણે છે. તેમાં સૌથી મોટી સંખ્યા પાટણ જિલ્લાની છે. ૭૮ની સંખ્યા છે જે પચાસ ટકાથી વધારે છે. તે પછી દાહોદ જિલ્લાના ૨૪, મહેસાણાના ૧૦, કચ્છના ૮, સુરેન્દ્રનગરના ૫ અને અમદાવાદ જિલ્લાના ૩ એમ ૧૪૦ સંખ્યાનો પરિવાર આશ્રમ પરિવારને શોભાવે છે.

**વિશિષ્ટ અભિયોગ્યતા પ્રકાશન -**

સામાન્ય રીતે સંસ્થાઓમાં ઉત્સવો ઉજવાતા હોય ત્યારે જેમને જે વિભાગની જવાબદારી આપી હોય તેની ઊંઘ હરામ થઈ જાય છે. કારણ કે પોતાના ધર્મકાર્યમાં સંપૂર્ણ સફળતા મેળવવા રાત દિવસ લાગી પડે છે. ખાસ કરીને

રંગમંચ ઉપર જે કર્યક્રમ યોજાય છે, તેમાં ગીત, સંગીત અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થાય છે. બાકી ભાષણબાજી અને સન્માન, ઈનામ વિતરણ, પરિચય વેગેરમાં સમય પસાર થાય છે.

સાંસ્કૃતિક કાર્યક્રમ બે-પાંચ દિવસમાં તૈયાર નથી થતો પણ તેમાં મહિના જેટલો ખાસો સમય લાગે છે. દરેક આઈટમ પરફેક્ટ રજૂ થાય તેવી દૃષ્ટિથી તૈયાર કરાવવાની હોય છે. તૈયાર થનારને ઘણી વખત કંટાળો આવી જાય એટલી વખત રિયાઝ કરવી પડતી હોય છે. તેમ છતાં વિદ્યાર્થીઓ સતત ઉત્સાહી રહેતા હોય છે. સતત કાર્યશીલ અને સતર્ક રહેતા હોય છે. આવો કાર્યક્રમ કલાકનો હોય, બે કલાકનો હોય અને ત્રણ કલાકનો પણ હોય. તેવી તૈયારી માટે કેટલાક દિવસોના ઉજાગરા પણ કરવા પડતા હોય છે.

અહીં આશ્રમ શાળાના વાલીઓ વાર્ષિકોત્સવમાં હાજર રહેવાના હોવાથી બાળકોમાં અતિ ઉત્સાહ હોય તે સહજ છે. વળી આઠમા ધોરણના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ પણ સાથે ગોઠવાયેલો એટલે પોતાની અહીં છેલ્લી અને કાયમી સ્મૃતિ મૂકીને જવાનો ઉત્સાહ હોય તે પણ સ્વાભાવિક છે. પૂરા એક મહિનાની તૈયારીને અંતે રંગમંચ પર છ કાર્યક્રમો રજૂ થયા. તેમાં શ્રેણી ૬, ૭, ૮ની બાળાઓએ ‘‘વાગ્યો રે ઢોલ ભાઈ’’ શ્રેણી ૧ થી ૫ના બાળકોએ - ‘‘તેરી ઉંગલી પકડે ચલા’’ અભિનય ગીત રજૂ કર્યું. શ્રેણી ૬, ૭, ૮ના બાળકોએ ‘‘જય હો’’ના ગીત સાથે ૨૫ થી ૩૦ની સંખ્યાએ પિરામિડ રજૂ કર્યો. સ્વાગત ગીત ચોથા ધોરણની બાળાઓએ રજૂ કર્યું અને દેશભક્તિ એક ગીત તેરી મિટ્ટી મેં મિલજાવાં ખૂબ ભાવસભર રજૂ થયું. આ સાતે આઈટમ તૈયાર કરવામાં મહિનો ગયો અને રજૂ કરવામાં માત્ર ૨૮-૩૦ મિનિટ ગઈ.

આ કાર્યક્રમને ટૂંકી દૃષ્ટિએ ન જોતાં લાંબાગાળાના વાવેતરનો સમય, શક્તિ લક્ષમાં લેવાની હોય છે. જે બાળકો માનસિક રીતે સમૂહથી દૂર ભાગનાર, શરમ, સંકોચ અનુભવનાર, એક પ્રકારનો ડર અનુભવનારા અને સમૂહ સમક્ષ પોતાની જાતને રજૂ કરનારા બાળકો આવા ઉત્સવના પ્રસંગે ખુલ્લા તનમનથી, ખુલ્લા સ્વભાવથી નીડર બનીને ઉત્સાહભેર પોતાના સ્વને રજૂ કરતા થાય એ નાની સુની વાત નથી.

બીને જમીનમાં વાવ્યા પછી ખાતર, પાણી અને સંરક્ષણની જરૂર પડે છે, એમ સંસ્કારનું ધરુવાડિયું તૈયાર કરવામાં અઢળક પ્રેમ સહાનુભૂતિ લાગણી નિર્ભયતા, સલામતી અને સુરક્ષાની જરૂર પડતી હોય છે.

ભગવાને દરેક બાળકને શક્તિ આપી જ હોય છે. જ્ઞાતિ, જાતિ, કોમ કે ધર્મના ભેદભાવ રાખ્યા વગર સમાનતાના ધોરણે ભગવાન સૌને આપે છે. તે લેવાની ક્ષમતા વ્યક્તિએ જાતે પ્રાપ્ત કરવાની હોય છે. તેમાં પૂરક તરીકે ગુરુ કામ લાગે છે.

સાંસ્કૃતિક કાર્યક્રમમાં સૌ પ્રથમ ધમાકેદાર ગરબો, વાગ્યો રે ઢોલ ભાઈ ધો. ૬, ૭, ૮ની બાળાઓ એ રજૂ કર્યો. એક મહિનાની મહેનત કરાવનાર અભિનંદનને પાત્ર છે. તાલ, રિધમ અને સ્વર ક્યાંય ચૂકાયા નથી. પગનો થનગનાટ હાથપગના હિલોળા અને મુખ પર હાસ્યએ સૌને પકડી રાખ્યા. ચેતના બહેનની ચેતનાએ કમાલ કરી. અભિનંદન.

બીજુ હતું અભિનય ગીત, ''તેરી ઊંગલી પકડકે ચલા'' એ માતાની મમતા, પ્યાર અને વત્સલતાએ ભાવકોને અભિભૂત કરી દીધા. સ્વરમાં મમતા ભર્યું કારુણ્ય રજૂ થયું. માતાનું બાળ ઉછેરમાં કેટલું મહત્ત્વ છે, તે વાત સૌ ભાવકના દિલને અપીલ કરી ગયું. તૈયાર કરાવનાર હતા કલ્પેશભાઈ સથવારા. સૂર, તાલ, લય અને રિધમને મૂક્યા વગર બહુ જ ભાવસભર શબ્દોમાં ગવાયું. સૌએ દિલથી આવકાર્યું. તૈયાર કરનારને સલામ.

પીરામિડના કાર્યક્રમે આખી રંગભૂમિને આવરી લીધી. ઉપલી ત્રણ શ્રેણીના ૨૦ બાળકોએ પ્રવેશતાની સાથે સ્ટેજ ધણધણી ઊઠ્યું. એક પછી એક આકૃતિઓ સર્જનાર અને હિંમતથી નિર્ભય રીતે સંતુલન જાળવનાર આ ટીમને ખૂબ અભિનંદન. બાળકોની ચપળતા, સમયસૂચકતા, અટક્યા વગર ઝડપી ગતિએ દર્શકોના દિલમાંથી આપો-આપ અભિનંદન નીકળી ગયા. હસતી મુદ્રાઓએ સૌને પ્રસન્ન કરી દીધા- તૈયારી કરાવનાર કૃષ્ણકાંતભાઈને અભિનંદન.

જેને માતૃભાષામાં વાત રજૂ કરવાની આવડત ન આવી હોય તેવા બાળકોને અણીશુદ્ધ ફાંકડું અંગ્રેજી બોલતા કરવા, એ ઘણું મોટું કામ છે. એક વિદ્યાર્થીએ અંગ્રેજીમાં પોતાની સ્કૂલનો પરિચય આપ્યો. શુદ્ધ ઉચ્ચારો, અવાજમાં તંદુરસ્તી, ''હિંમતે મર્દા તો મદદે ખુદા'' તેની હિંમતને સલામ. બહોળા સમૂહ સમક્ષ રંગભૂમિ પર માઇક પકડી બોલવું તે સામાન્ય સાહસ નથી. આત્મવિશ્વાસુ જ આવું પસંદ કરે. તૈયાર કરનાર માર્ગદર્શક સુનિલભાઈ પણ ઓછા અભિનંદનને પાત્ર નથી.

શાળાની દૈનિક વિવિધ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોમાં કોઈ સમગ્ર પરિસરની સફાઈ, કોઈ વર્ગખંડની સફાઈ, કોઈએ સંડાસ, બાથરૂમની સફાઈ તો કોઈએ બગીચાની સારસંભાળ તો કોઈ રમત-ગમતમાં બાળકોને જોડવાની જવાબદારી નિભાવી છે. કોઈએ પ્રાર્થના, ભોજનાલય, અન્નપૂર્ણાની જવાબદારી નિભાવી છે. તો કોઈએ સંસ્થામાં ઉજવાતા ઉત્સવો અને વ્યવસ્થા સંભાળી યોગ્યતા મુજબ ફરજ અદા કરી છે.

પંચકી લકડી એક કા બોજ આ કહેવાતના સંદર્ભમાં જોઈએ તો એક લાકડીને બેવડ વાળતા વાર ન લાગે પણ પાંચ લાકડીને સમૂહમાં બેવડ વાળવી હોય તો સમૂહ શક્તિની જરૂર પડે છે. એમ અહીં સમૂહ શક્તિ એક એક કરીને તમામ પ્રવૃત્તિઓને સફળતાપૂર્વક પાર પાડે છે. એ જ છે આ સંસ્થાની વિશેષતા.

૧૦૮ મણકાને હાથમાં પકડવા હોય તો ન પકડી શકાય પણ મણકાને એક દોરામાં પરોવી દેવાય તો કામ કેટલું સરળ બની જાય? માળામાં મણકાની કિંમત નથી પણ દોરાની કિંમત છે. દોરા થકી મણકામાં તાકાત આવે છે. આમ બાળકો એ મણકા છે અને દોરીએ ગુરૂઓ છે. ગુરુ મણકાને સાથે રાખે ત્યારે માળા કહેવાય છે. વ્યક્તિગત દોરાની કે મણકાની કોઈ કિંમત નથી. દોરી મણકાને ઊર્જા આપે છે. આમ ગુરુ થકી મણકાને ઊર્જા મળે છે. દરેક મણકામાં ઊર્જા તો હોય છે પણ તેને બહાર કાઢવાનો અવસર શોધે છે.

ગુરુકુળ કે આશ્રમનું વાતાવરણ, દિનચર્યા અને અનેકવિધ કાર્યક્રમો કે પ્રવૃત્તિઓથી ઊર્જા

*(અનુસંધાન પૃષ્ઠ ૧૬ ઉપર)*

# રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ

- પ્રા. ડૉ. ઈશ્વરભાઈ વાઘેલા

વિજ્ઞાન એટલે સવિશેષ જ્ઞાન, શાસ્ત્રીય જ્ઞાન, અનુભવ જ્ઞાન, વિજ્ઞાન એટલે પ્રયોગો કરીને, અનુભવો મેળવીને, શાસ્ત્ર સાથે સરખાવીને મેળવેલું જ્ઞાન. વિજ્ઞાન એટલે સત્ય તરફ દોરી જતું જ્ઞાન. ગુરુત્વાકર્ષણ વિશેના જ્ઞાનને વિજ્ઞાન કહેવાય. કારણ કે ન્યૂટનને બાગમાં વૃક્ષ પરથી નીચે પડતાં ફળને જોતાં વિચાર આવ્યો કે આમ શાથી થયું? તે ફળ ઉપર કેમ ના ગયું? અને તેમણે પ્રયોગો કરીને અનુભવોને આધારે નિયમ તારવ્યો તેને ગુરુત્વાકર્ષણનો નિયમ કહે છે. આમ ઘણી બધી ઘટનાઓ કે વિચારોના સંદર્ભે પ્રયોગો કરીને, અનુભવો મેળવીને જે જ્ઞાન મેળવાયું તેને વિજ્ઞાન કહેવાયું. કેટલાંક વિચારો, ઘટનાઓ બાબતો યોગ્ય છે કે નહીં. તે સંદર્ભે વિચારણા થાય, શાસ્ત્રો તે સંદર્ભે શું કહે છે? તે શોધાય, શાસ્ત્રોએ તેમ શાથી કર્યું? તે અંગે પણ વિચારાય, સત્ય શું છે તે તારવવા પ્રયોગો થાય અને જે તારણ મળે તે વિજ્ઞાન.

ભારતમાં ૨૮ ફેબ્રુઆરીના રોજ 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' ઉજવાય છે. કારણ કે આ દિવસે ભારતીય ભૌતિક વૈજ્ઞાનિક સર સી. વી. રામને ૧૯૨૮માં પોતાની શોધ 'રામન ઈફેક્ટ' જાહેર કરી હતી. તેમણે બિલોરી કાચમાંથી પ્રકાશનું કિરણ પસાર કરી જોયું. તો એમને જુદાં જુદાં રંગની રેખાઓ દેખાય. જેને 'રામન ઈફેક્ટ' નામ આપ્યું. આ શોધ બદલ ૩ જૂન ૧૯૨૯ના દિવસે અંગ્રેજ સરકારે 'સર'નો ઈલકાબ આપેલો. નવેમ્બર ૧૯૩૦માં લંડનની પ્રસિદ્ધ રોયલ સોસાયટીએ 'હ્યુઝ ચંદ્રક' આપીને સન્માન્યા હતા. ૧૦ ડિસેમ્બર ૧૯૩૦ના રોજ સ્ટોકહોમમાં તેમને ભૌતિક વિજ્ઞાન માટેનું નોબેલ પુરસ્કાર આપીને નવાજવામાં આવ્યા હતા. ૧૯૮૬માં 'ધ નેશનલ કાઉન્સિલ ફોર સાયન્સ એન્ડ ટેક્નોલોજી કમિશને' ભારત સરકારને સર સી. વી. રામનના માનમાં ૨૮ ફેબ્રુઆરીએ 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' ઉજવવાની ભલામણ કરી હતી. ભારત સરકારે તે ભલામણ સ્વીકારી ૧૯૮૬ થી ભારતમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ઉજવવાનું શરૂ કર્યું હતું.

**હેતુ :** (૧) ભારતના સામાન્ય લોકોને વિજ્ઞાન અને વૈજ્ઞાનિક સિદ્ધિઓ પ્રતિ સજાગ કરવા. (૨) યુવાન વિદ્યાર્થીઓને વિજ્ઞાન પ્રતિ આકર્ષિત કરવા તેમજ પ્રોત્સાહિત કરવા. (૩) રોજબરોજના જીવનમાં વિજ્ઞાનની ઉપયોગિતા અંગે જાગૃતિ કેળવવી. (૪) માનવ સુખાકારીના અંગેમાં વિજ્ઞાનની શોધો અને તેનો વિવિધ અંગોમાં ઉપયોગ અંગે ચર્ચા થાય, લોકોમાં જાણકારી ફેલાય તે માટેના પ્રયાસો કરવા. (૫) વિજ્ઞાન ક્ષેત્રે નાગરિકોને કંઈક નવું કરવાની તક આપવી. (૬) વિજ્ઞાન અને ટેક્નોલોજીને લોકપ્રિય બનાવવા. (૭) લોકોમાં વૈજ્ઞાનિક વલણ કેળવવા માટેના પ્રયાસો કરવા.

**સર ડૉ. સી. વી. રામન** - ડૉ. ચંદ્રશેખર વેંકટ રામનનો જન્મ ૭ નવેમ્બર ૧૮૮૮ના રોજ તમિલનાડુ રાજ્યના તિરુચિરાપલ્લીમાં થયો હતો. પિતા ભૌતિકવિજ્ઞાનમાં સ્નાતક થઈ શિક્ષક તરીકે

સેવા આપતા હતા. આથી ચંદ્રશેખરમાં પણ ગણિત, વિજ્ઞાન, જ્યોતિષ વિદ્યા અને સંગીત જેવા વિષયોમાં બાળપણથી જ રસ કહેવાયો હતો. એડિશન, ન્યૂટન, અને જેમ્સવોટ જેવા વૈજ્ઞાનિકો તેમના આદર્શ રહ્યા હતા.

તેમણે મેટ્રિકની પરીક્ષા ૧૮૯૯માં સમગ્ર રાજ્યમાં પ્રથમ ક્રમાંકે આવીને પાસ કરી હતી. ઉચ્ચ અભ્યાસ માટે ૧૯૦૨માં ચેન્નાઈની પ્રેસિડેન્સી કૉલેજમાં જોડાયા. ૧૯૦૪માં ભૌતિક વિજ્ઞાન વિષયમાં કૉલેજમાં પ્રથમ નંબરે બી.એસસી.ની ડિગ્રી મેળવી હતી. તે જ કૉલેજમાં એમ.એસસી.નો અભ્યાસ કર્યો હતો. અભ્યાસની સાથોસાથ તેઓ આપમેળે જ કૉલેજમાં પ્રયોગો કરતા હતા. આ પ્રયોગોના પરિણામે તેમણે પ્રકાશના વિવર્તન અંગે સંશોધન કર્યું. એમાં એમને સફળતા મળતા તેમણે એક લેખ લખ્યો હતો. જે ૧૯૦૬ના લંડનના એક સંશોધન સામાયિકમાં પ્રકાશિત થયો હતો. ત્યારપછી રામને ત્રિપાર્શ્વ કાચનો પ્રયોગ કરતાં કરતાં તેમણે વિશિષ્ટ પ્રકારના પ્રકાશની શોધ કરી હતી. કલકત્તા યુનિવર્સિટીમાં ભૌતિક વિજ્ઞાનના પ્રોફેસર તરીકે ૧૬ વર્ષ સેવા આપી. ત્યારબાદ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સમાં પ્રોફેસર તરીકે જોડાયા. ૧૯૩૨-૩૭ સુધી તેઓ તેના ડાયરેક્ટર પદે રહ્યા હતા. છેલ્લે તેમણે રામન રિસર્ચ ઇન્સ્ટિટ્યુટમાં સેવા આપી હતી.

દરિયાઈ મુસાફરી દરમ્યાન ભૂમધ્ય સમુદ્રના પાણીનો રંગ અને બંગાળના સાગરનો રંગ જુદો કેમ દેખાય છે? તેનો ખ્યાલ મેળવવા સાત વર્ષ અભ્યાસ કર્યા બાદ કારણ જાણી શક્યા હતા. તેમની શોધનો વિષય પ્રકાશ હતો. પ્રકાશ પારદર્શક પદાર્થોમાંથી પસાર થાય ત્યારે તેનો રંગ બદલાય છે. તે સંદર્ભે પ્રયોગો કરીને દુનિયા સમક્ષ પુરાવા આપ્યા હતા. તેમણે દર્શાવ્યું કે, જુદા જુદા પદાર્થોમાંથી પ્રકાશ પસાર થાય ત્યારે પડદા ઉપર પ્રકાશની રેખાઓ પણ જુદી જુદી પડે છે. પ્રકાશના આ રંગ-પરિવર્તનની શોધ વિજ્ઞાનમાં 'રામન પ્રભાવ' તરીકે ઓળખાય છે. જેનો ઉપયોગ સ્પેક્ટ્રોસ્કોપી, નિદાન અને ચિકિત્સા, ઉદ્યોગો અને વૈજ્ઞાનિક સંશોધન ક્ષેત્રે ખૂબ જ મોટા પ્રમાણમાં થાય છે. તેમણે 'રામન પ્રભાવ' પર ૫૦ લેખો, શબ્દ અને ધ્વનિ વિષયક ૩૧ લેખો જુદા, જુદા સામયિકોમાં પ્રકાશિત કર્યા હતા. સંગીત ક્ષેત્રે વીણા, મૃદંગ, તબલા, ઢોલ વગેરે વાદ્ય તંત્રોનો પણ તલસ્પર્શી અભ્યાસ તેમણે કર્યો હતો. જેમાં જુદા જુદા સ્વર અને અવાજ વિષયક ૩૪ સંશોધનલેખો અને અન્ય વિષયોના ૬૨૭ સંશોધનલેખો પ્રગટ થયા છે. તેઓને પેરિસ વિશ્વવિદ્યાલય, ફ્રાન્સે 'ડૉક્ટર'ની માનદ્ પદવી આપી હતી. ૧૯૫૪માં ભારત સરકારે તેમને 'ભારત રત્ન' એવોર્ડ આપી સન્માન્યા હતા. ૧૯૫૮માં રશિયાએ તેમને 'શાંતિનો લેનિન પુરસ્કાર' આપ્યો હતો. ધ્વનિ, પ્રકાશ, રંગ, ખનીજ, ફૂલોના રંગો વિશે અમૂલ્ય યોગદાન આપનાર ભારતના જ નહિ વિશ્વના વૈજ્ઞાનિક રામનનું ૨૧ નવેમ્બર ૧૯૭૦માં બેંગ્લુરુ પાસે અવસાન થયું હતું. ઉજવણી કેવી રીતે -

- દેશમાં વિજ્ઞાનના ક્ષેત્રમાં નૂતન-અદ્દ્ભૂત ઈવેન્ટ્સ યોજાય છે.

- વિજ્ઞાન સંસ્થાઓ, શાળા-મહાશાળા, યુનિવર્સિટીઓમાં વિવિધ કાર્યક્રમો યોજાય છે. જેમાં વાર્તાલાપ, રેડિયો-ટીવી ટોક શો, પ્રદર્શનો, રાત્રે આકાશ દર્શન કાર્યક્રમો, લાઈવ પ્રોજેક્ટર રિસર્ચની રજૂઆત, વિજ્ઞાન વિષયક વકતૃત્વ અને ક્વીઝ સ્પર્ધાઓ, વૈજ્ઞાનિક ચલચિત્રોનું નિદર્શન વગેરે કાર્યક્રમો યોજાય છે.
- સામાન્ય જનસમૂહ માટે વિજ્ઞાન અને ટેક્નોલૉજીના કાર્યક્રમો યોજાય છે.
- વિજ્ઞાન અને ટેક્નોલૉજી ખાતાના મિનિસ્ટર વાર્તાલાપ દ્વારા નાગરિકોને વિજ્ઞાનનો સંદેશો પાઠવે છે.
- વિજ્ઞાન ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનારને રાષ્ટ્રીય અને અન્ય પુરસ્કારો આપવામાં આવે છે.

વિજ્ઞાને સામાજિક પ્રગતિને ઉપકારક બનવું, સામાજિક ઉત્કર્ષને શક્ય બનાવવા વૈજ્ઞાનિકોએ પ્રથાઓ કરવા, માનવ કલ્યાણ માટે પ્રયાસો કરવા, સમાજમાં પ્રસરેલી અંધશ્રદ્ધાઓ કે ખોટી માન્યતાઓને દૂર કરવા લોકોને વૈજ્ઞાનિક અભિગમ તરફ દોરી જવા તેમજ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસે. માહિતીના આદાન પ્રદાનને યોગ્યતા મળે તેવી સમજ ફેલાવવી જોઈએ. વર્તમાનકાળે વિજ્ઞાન અને ટેક્નોલૉજીનું ક્ષેત્ર વિશ્વમાં હરણફાળ ભરી રહ્યું છે ત્યારે ભારતના યુવાનો પણ તે ક્ષેત્રમાં આગળ આવી, ભારતના વિકાસમાં અને વિજ્ઞાન અને ટેક્નોલૉજીમાં પણ પ્રદાન કરે તે જ આ દિવસની ઉજવણીનો ઉદ્દેશ છે. યુવાનો, વિજ્ઞાન અને ટેક્નોલૉજી અંગે આગળ વધી વિશ્વમાં આહલેક જગાડો. વર્તમાન સમયમાં વિજ્ઞાન દિવસે જ નહીં દરરોજ વિજ્ઞાન દિવસની ઉજવણીઓ કરીને લોકજાગૃતિ કેળવવા. સરકાર, શિક્ષણ વિભાગ, ધાર્મિક-સામાજિક સંસ્થાઓ વિજ્ઞાનનો પ્રચાર-પ્રસાર કરે તે જ સૌથી મોટી લોકસેવા ગણી શકાય. ચાલો, આપણે સૌ વિજ્ઞાન-ટેક્નોલૉજીના અંગે જ્ઞાનાભિમુખ બનીએ.

---

*(અનુસંધાન પૃષ્ઠ ૧૩ થી ચાલુ)*

પ્રદર્શન કરવાનો અવસર મળે છે. છાત્રાલય એ માત્ર ખાવા-પીવાની લોજ કે મેસ નથી, રમવા-કૂદવાનો અખાડો નથી પણ સંસ્કાર ઘડતર અને અંધારા ઉલેચવાનું કેળવણી કેન્દ્ર છે. ખરું વ્યક્તિત્વ ઘડતર છાત્રાલયવાળી શાળા જ કરી શકે છે. કેમ કે ક્ષમતા પ્રમાણે વિવિધ કામોની જવાબદારી આપવાથી કે જવાબદારી ઉઠાવી પ્રામાણિક પુરુષાર્થ કરી સફળતાપૂર્વક જવાબદારી અદા કરવાથી આત્મવિશ્વાસ આવે છે, હિંમત આવે છે, નિર્ભયતા કેળવાય છે અને સમાજ સામે કંઈક કરી છૂટવાની ભાવના પ્રગટ થાય છે.

મન નિર્ભય અને મસ્તક ઉન્નત
જ્ઞાન સદા જ્યાં મુક્ત વહે.

ગુરુદેવ રવિન્દ્રનાથની આ પંક્તિઓ ઉન્નત મસ્તક રાખીને નિર્ભયતા જ્યાં કેળવાય ત્યાં જ અંધારા ઊલેચી શકાય, જ્ઞાનના અજવાળાં પાથરી શકાય આ કામ ગુરુઓનું છે. કબીર કહે છે ગુરુબીન કૌન બતાવે વાટ?

# "મિરેકલ મિલેટ્સ"
# "જુવાર - sorghum"

- પાલખીવાલા અમિતા મનુભાઈ
ભૂ. પૂ. મ. શિ. અસારવા વિદ્યાલય

પ્રાચીન યુગનો માનવી ફળ, માંસ, માછલી, શાકભાજી, નટ્સ વગેરે જેવો ખોરાક કાચો ખાતો હતો. કારણ કે ખોરાકને રાંધીને કઈ રીતે ખવાય તે વિશેની તેમની પાસે કોઈ જાણકારી નહોતી. પણ જ્યારથી અગ્નિની શોધ થઈ ત્યારથી તેઓ ખોરાક રાંધીને ખાતા થયા.

કેમ્બ્રિજ યુનિવર્સિટીએ અનેક લેખકોની મદદથી "કેમ્બ્રિજ વર્લ્ડ હિસ્ટ્રી ઓફ ફૂડ" નામનું પુસ્તક પ્રગટ કર્યું હતું. તેમાં લખ્યું છે કે વિકસિત માનવી રાંધેલો અને મસાલેદાર સ્વાદિષ્ટ ખોરાક ખાતો થયો ત્યારથી આપણી આહારની પોષણ આપનારી ગુણવત્તા નબળી પડી ગઈ છે. જેની વિપરીત અસર લોકોના સ્વાસ્થ્ય પર પડી છે.

સારા સ્વાસ્થ્ય માટે અને પોષણ માટે સ્વસ્થ આહાર જરૂરી છે. તે હૃદયરોગ, ડાયાબિટીસ અને કેન્સર જેવા ઘણા રોગો સામે રક્ષણ આપે છે. આથી જ વિવિધ પ્રકારના ખાદ્ય પદાર્થો ખાવા અને આહારમાં ઘઉં, ચોખા સાથે જવ, જુવાર, બાજરી, રાગી, કંગની જેવા વિવિધ પ્રકારના ખોરાકના મિશ્રણનો સમાવેશ કરવો જરૂરી છે. કારણ કે આ બધું અનાજ અનેક પોષક તત્ત્વોથી ભરપૂર છે.

વર્તમાનમાં કેટલાક કુદરતી તથા માનવીય પરિબળોને કારણે વૈશ્વિક કૃષિ વિશ્વની વધતી જતી વસ્તીને ખવડાવવા માટે પડકારોનો સામનો કરી રહી હોવાથી 'બરછટ અનાજ' (જે આજે ન્યુટ્રીસીયલસ-પોષક અનાજ તરીકે ઓળખાય છે.) જેવા સસ્તા અને પૌષ્ટિક વિકલ્પોની વપરાશ આવા પડકારો સામે રક્ષણ આપી શકે તેમ છે. આથી જ ભારત સરકારના પ્રસ્તાવને સ્વીકારીને સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા ૨૦૨૩નું વર્ષ "આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ" તરીકે જાહેર કરવામાં આવ્યું હતું.

આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ ૨૦૨૩ માટે મિલેટસની જુદી જુદી જાતોમાંથી જે આઠ પ્રકારના ધાન ચિન્હિત કરવામાં આવ્યા છે તેમાં મિરેકલ મિલેટ્સની શ્રેણી હેઠળ જુદા-જુદા સ્થાનને તેનો ઉપયોગ ફાયદા વગેરે સંદર્ભે દર્શાવવાનો એક આ નાનો પ્રયાસ છે.

હું મીઠી મધુર છું. મારા વિશે જાણો? હું શું જુવાર. આજે અહીં સ્વાસ્થ્યવર્ધક જુવારનો ઉપયોગ અને તેના ચમત્કારો વિશે જાણીશું.

ભારતમાં જુવારને 'ચોલમ' અથવા 'જો' તરીકે ઓળખવામાં આવે છે. આફ્રિકામાં 'ગીની મકાઈ' અને 'Big Millet' તરીકે ચીનમાં 'કાઓલીઆંગ' તરીકે તેને ઓળખવામાં આવે છે. મિડલ ઈસ્ટ અને એશિયામાં તેને 'Egyption Wheat' પણ કહે છે. જુવારને 'coreat millets' તરીકે પણ વ્યાપક પણે ઓળખવામાં આવે છે. તેનું વૈજ્ઞાનિક નામ 'Sorghum' છે અને બાજરીના રાજા, પોષણક્ષમ અનાજ અથવા સૂકી જમીન અનાજ તરીકે પણ ઓળખવામાં આવે છે. જે પાછળથી 'new quinoa' (ન્યુ કીનોઆ) તરીકે જાણીતું થયું. કારણ કે જુવારમાં કીનોઆ જેવી જ સાધારણ મીઠી સુગંધ અને પ્રોટીનની ઊંચી માત્રા છે અને કીનોઆની જેમ જ તેને ખાવા માટે લાંબા સમય સુધી ચાવીને જ ગળા નીચે ઉતારી શકાય છે.

પુરાતત્વ વિભાગના જણાવ્યા અનુસાર જુવારનું અસ્તિત્વ પ્રાચીનકાળથી છે. પૂર્વતર આફ્રિકાના ઈજિપ્ત અને સુદાનની સરહદ પર ખોદકામ દરમિયાન તેના દાણા મળી આવ્યા હતા. આ અનાજ ઈસવીસન પૂર્વે ૮૦૦૦ની આસપાસ હોવાનું કહેવાય છે. ઈતિહાસકારોનું માનવું છે કે જુવારનું ઉત્પત્તિ સ્થાન આફ્રિકા છે. ત્યાંથી તે વિવિધ દેશોમાં ફેલાયેલ છે. ભારત અને આફ્રિકાના ઘણા ભાગોમાં તે પરંપરાગત પાક હતો. વર્તમાનમાં ઉષ્ણ કટિબંધ પ્રદેશોમાં વ્યાપકપણે તે ઉગાડવામાં આવે છે. ચોખા, મકાઈ, ઘઉં અને જવ પછી જુવાર એ વિશ્વનો પાંચમો સૌથી મહત્ત્વપૂર્ણ અનાજનો પાક છે. જુવાર ભારત પહોંચતા પહેલા ઓસ્ટ્રેલિયા પહોંચી. આફ્રિકાથી અમેરિકામાં પણ તે લાવવામાં આવી હતી. જ્યાં તે હજારો વર્ષોથી ઉગાડવામાં આવે છે. અમેરિકામાં તેનો પહેલો રેકોર્ડ અમેરિકન વૈજ્ઞાનિક બેન્જામિન ફ્રેન્કલિન પાસે મળ્યો હતો. તેમના જણાવ્યા પ્રમાણે જુવારનો ઉપયોગ વર્ષ ૧૭૫૭માં સાવરણી બનાવવા માટે કરવામાં આવ્યો હતો.

ભારતમાં મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, કર્ણાટક, તમિલનાડુ અને મધ્યપ્રદેશમાં જુવારનું વધુ પ્રમાણમાં વાવેતર થાય છે. ગુજરાતમાં દર વર્ષે લગભગ ૯ થી ૧૩૦૦૦૦૦ હેક્ટરમાં જુવાર વવાય છે. ગુજરાતમાં વિક્રમ સંવત ૧૯૫૬માં પડેલા ભયાવહ દુષ્કાળ દરમિયાન લાલ જુવારે અનેક લોકોના પેટની અગ્નિ શાંત કરી હતી. દક્ષિણ ગુજરાતમાં તે મુખ્યત્વે દાણા માટે અને ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં ધાન્ય તરીકે વવાય છે. ડેરી વિકસિત વિસ્તારમાં લીલાચારા તરીકે તેનું વાવેતર થાય છે. જુવાર ઉનાળો (માર્ચથી જૂન), ચોમાસું (જૂનથી સપ્ટેમ્બર) તથા શિયાળો (ઓક્ટોબરથી ફેબ્રુઆરી) એમ ત્રણ ઋતુમાં વિવિધ ધ્યેય માટે વવાય છે. નબળી ઉપજ આપતી જમીનમાં પણ જુવારનું વાવેતર થઈ શકે છે. મર્યાદિત જળ સંશોધનો સાથે ઉગાડવામાં આવે છે. સામાન્ય રીતે ઘણા દેશોમાં નાના અને સીમાંત ખેડૂતો દ્વારા ખાતર કે અન્ય ખાસ સાધનોનો ઉપયોગ કર્યા વિના પણ ઉગાડી શકાય છે અને ટેક્નોલોજીના વિકાસ સાથે જુવારની ઉત્પાદકતામાં આજે વધારો પણ થયો છે. પરંતુ આર્થિક રીતે ઓછું વળતર આપતો આ પાક હોવાથી ખેડૂતો દ્વારા પાક સંરક્ષણના પગલાં નહિવત લેવાય છે. ભારત કરતાં ગુજરાતનું જુવારનું હેક્ટર દીઠ ઉત્પાદન ઓછું છે કારણ કે ચારા માટેનું વાવેતર, ખાતરનો ઓછો ઉપયોગ અને નહિવત પાક સંરક્ષણ તથા અયોગ્ય વાવણીથી લઈને લણણી, કાપણી, ઝુડણી સુકવાતી, સંગ્રહ વ્યવસ્થાનો અભાવ વગેરે તેના માટે જવાબદાર છે.

વનસ્પતિ શાસ્ત્રીઓએ જુવારને પાંચ જાતિમાં વહેંચી છે. જેમાં બરગંડી જુવાર, સફેદ જુવાર, કાળી જુવાર, સુમાક જુવાર અને દુરા જુવાર છે. જેમાં ભારતમાં 'દુરા' જાતિની જુવાર વધુ વિકસિત છે. અનાજમાં જુવારનો ઉપયોગ ખોરાક માટે થાય છે. ઘાસ અને ઘાસ ચારા માટે ઉગાડવામાં આવતી જુવાર અને broom corn millet (જે wild millet અથવા proso millet કહેવાય છે) સાવરણી અને પીંછીયો બનાવવામાં વપરાય છે. એક સમયે જુવારની કેટલીક જાતો ખાંડના વેપાર માટે મહત્વની હતી. એક સમય હતો કે જ્યારે જુવારને 'ચાઈનીઝ શેરડી' તરીકે ઓળખાતા એક છોડ તરીકે જોવામાં આવતું હતું.

નિષ્ણાંતોના મતે ૧૯મી સદીના ઈથોપિયામાં 'દુરા' ઘણીવાર નવી ખેતીવાળી જમીન પર વાવેલો પહેલો પાક હતો. ગુજરાતના અનેક પ્રાંતોમાં લાલ જુવાર ''કાળા બુરીયા જુવાર'' તરીકે ઓળખવામાં આવે છે. ૧૯મી સદીના યુરોપિયન અહેવાલમાં ઘણા લોકો બાજરી શબ્દનો ઉપયોગ ''મોતી બાજરી'' અને ''જુવાર'' બંને માટે કરે છે.

જુવારની ૨૫માંથી ૧૭ પ્રજાતિઓ ઓસ્ટ્રેલિયાની છે. કેટલીક પ્રજાતિઓ આફ્રિકા, એશિયા, મેસોપોટેમિયા, અમેરિકા, ભારતીય અને પેસેફિક મહાસાગરોના અમુક ટાપુઓ સુધી વિસ્તરેલી છે. આજે બલગેરિયા અને ઈટલીમાં તેનું ઉત્પાદન વધુ છે.

જુવાર ખૂબ જ લાભદાયી છે. તે ફાઈબર અને એન્ટિઓક્સિડન્ટ અને પ્રોટીનનો ઉત્તમ સ્રોત છે. કુદરતી પોષક તત્વોથી ભરપૂર આ ધાન આહારમાં ઉમેરવા માટે સરળ છે. તેમાં ચરબીનું પ્રમાણ ઓછું છે. જ્યારે પોટેશિયમ, મેગ્નેશિયમ, કેલ્શિમ, સેલેનિયમ, વિટામીન B1 અને B6, આયર્ન, ફોસ્ફરસ, ઝીંક, પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ્સ, ફૂડ ફાઈબર, ખનીજો અને સૂક્ષ્મ પોષક તત્ત્વોથી સમૃદ્ધ છે. જ્યારે ઘઉંમાં માત્ર કાર્બોહાઈડ્રેટ્સ હોય છે. જેનાથી પેટ ભરાય છે અને પછી પેટ બહાર નીકળે છે. જ્યારે જુવારની વપરાશથી પેટ તો ભરાય છે પણ સાથે તેમાં જે પોષક તત્ત્વો હોય છે તે આપણે કુપોષણનો ભોગ બનતા અટકાવે છે. જુવાર આટલી પૌષ્ટિક અને ગુણવત્તાસભર હોવા છતાં પણ આજના ફાસ્ટ ફૂડના સમયમાં તેની લોકપ્રિયતા ગુમ થઈ ગઈ છે અને તેને ''જૂના જમાનાનો'' અથવા ''બરછટ અનાજ'' અથવા ''ગરીબો માટેનો ખોરાક'' તરીકે જોવામાં આવે છે.

શિયાળામાં જુવારની વપરાશ શરીરને ગરમ રાખે છે. તે ગ્લુટેન ફ્રી છે. તેમાં ગ્લાઈકેમિક ઈન્ડેક્સ ઓછો છે. તેમાં રહેલું ફાઈબર બ્લડ સુગર લેવલ અને વજનને નિયંત્રિત કરવામાં મહત્ત્વનો ફાળો આપે છે. જે ડાયાબિટીસને રોકવા અથવા નિયંત્રિત કરવામાં મદદ કરી શકે છે. આ અનાજમાં કેન્સર વિરોધી ગુણ પણ સામેલ છે તેમાં રહેલા વિટામિન B થી શરીરનું મેટાબોલિઝમ જળવાય છે. ચયાપચયની ક્રિયા સરળ બને છે અને ચેતાકોષોનો વિકાસ થાય છે. વાળ અને ત્વચાની જાળવણીમાં તે આવશ્યક ભૂમિકા ભજવે છે. તે તરુણાવસ્થાનો સમૃદ્ધ સ્રોત છે. તેમાં રહેલું મેગ્નેશિયમ હાડકાં અને હૃદયના સ્વાસ્થ્ય માટે મહત્ત્વનું છે. તેમાં એન્ટિઓક્સિડન્ટનું પ્રમાણ વધુ છે તેથી એસિડિટી અને તનાવ ઓછો થઈ શકે છે. આમ સ્વાસ્થ્યની જાળવણી કરવામાં જુવારનો ફાળો નોંધનીય છે.

જુવાર એ વિશ્વમાં પાંચમો ક્રમે સૌથી વધુ ઉત્પાદિત અનાજ પાક છે. વૈશ્વિક આબોહવા પરિવર્તન, પાણીની અછત, સૂકી ગરમ આબોહવા અને દુષ્કાળના લાંબાગાળાના સમયમાં પણ તેની ઓછા પાણીની જરૂર હોવાથી ખેડૂતો માટે તે ભરોસાપાત્ર બની શકે છે અને વિશ્વને ટકાઉ ખાદ્ય સુરક્ષા પૂરી પાડવા માટે પણ તે મૂલ્યવાન છે. તેને ચોખા, કીનોઆની જેમ રાંધી શકાય છે તથા તેમાંથી લોટ પણ બનાવી શકાય છે. તે ખાદ્ય અને પૌષ્ટિક છે. તેથી વિશ્વભરમાં તેમાંથી વિવિધ વ્યંજનો બનાવી શકાય છે. જેમ કે બ્રેડ, કૂકિયું, મીઠાઈઓ, ગ્રેનોલાબાર, શરબત, ઉપમા, ઢોંસા, ઈડલી, ચીલ્લા, પોંક, ધાણી, બિસ્કિટ્સ, સ્નેક્સ, ખીચડી વગેરે બનાવી શકાય છે. જુવાર અનાજ

માટે ઉગાડવામાં આવતી ઘાસની એવી પ્રજાતિ છે જેનો ઉપયોગ માનવ આહાર, પશુ આહાર અને આલ્કોહોલિક પીણાઓ અને ઈથેનોલના ઉત્પાદન માટે પણ કરવામાં આવે છે. એટલું જ નહીં પણ તે એક સ્વીટનર સીરપ ચાસણી તરીકે પણ વપરાય છે તેના મીઠા રાડામાંથી રસ કાઢીને ગોળ બનાવી શકાય છે. આ માટે સુરત ખાતે જુવાર સંશોધન ક્ષેત્રે કામગીરી હાથ ધરાઈ છે. ભારતમાં જુવાર દૈનિક આહાર છે. તેમાંથી પરાઠા, રોટલી, પુરી વગેરે બનાવવામાં આવે છે ચીનમાં જુવારના લોટનો ઉપયોગ ઘઉંનો લોટ સાથે ભેળવીને નુડલ્સ અને બ્રેડ બનાવવા માટે થાય છે. અમેરિકામાં જુવારનો ઉપયોગ સામાન્ય રીતે મીઠાશ તરીકે અને પશુધનના ખોરાક તરીકે પણ થાય છે. વિશ્વમાં ૩૦ થી વધુ દેશોમાં ૫૦૦ મિલિયન લોકો મુખ્ય ખોરાક તરીકે જુવાર પર આધાર રાખે છે.

માનવ અને પશુઓની વસ્તીના નિર્માણ માટે જુવાર ચાવીરૂપ અનાજ છે. આ અનાજ પ્રત્યેક લોકોની જાગૃતિ કેળવવાથી આફ્રિકા અને ભારતમાં ગ્રામીણ સમુદાયો અને ખેડૂતોની આહારની વિવિધતા સુખાકારી અને આજીવિકાને સમર્થન મળી શકે છે. વિશ્વભરના સમુદાયોને કુપોષણ, સ્થૂળતા અને એનીમિયાની સામે મદદ કરી શકે તેવો આ પાક છે. જુવાર સદીઓથી એશિયા અને આફ્રિકાના અર્થ શુષ્ક ઉષ્ણકટિબંધીય પ્રદેશોમાં મહત્ત્વપૂર્ણ મુખ્ય અનાજ છે. આ પાકો હજુ પણ આ પ્રદેશોના લાખો ગરીબ લોકો માટે ઊર્જા પ્રોટીન વિટામિન અને ખનીજોનો મુખ્ય સ્રોત છે.

અહીં જુવાર અંગે સ્વાસ્થ્ય માટે ફાયદાકારક વાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે પરંતુ દરેક સ્ત્રી અને પુરુષ માટે તેના સ્વાસ્થ્યના લાભો આડઅસરો વગેરે અલગ અલગ હોઈ શકે છે. જોકે આવું દરેક પ્રકારના મિલેટસ માટે કહી શકાય. વ્યક્તિની શારીરિક પ્રકૃતિ, ઉંમર, ઋતુ, સ્થળ, મહિલાની ગર્ભાવસ્થાની સ્થિતિ વગેરે અનુસાર ડૉક્ટરની સલાહ અનુસાર જ તેનો ઉપયોગ કરવામાં આવે તે વધુ હિતાવહ છે.

જો દેશનો ખેડૂત સુખી હશે તો રાષ્ટ્ર સુખી હશે અને તેથી જ હવે સમય આવી ગયો છે આ “super food” ને અપનાવવાનો, તેની સુગંધને લેવાનો અને ભોજનમાં તેનો આનંદ લેવાનો. પૃથ્વી ગ્રહની જાળવણી કરવા, ખેતી અને ખેડૂતને સમૃદ્ધ કરવા, કુપોષણને નિવારવા, યુનાઈટેડ નેશન્સની “zero hunger”ની નીતિને હાંસલ કરવા, વૈશ્વિક ખાદ્ય કટોકટીને નિવારવા અને વિશ્વને ખાદ્ય સુરક્ષા પૂરી પાડવા માટે ‘‘બાજરીના રાજા’’ તરીકે ઓળખાતા આ અનાજની વપરાશ તરફ પાછા ફરવાનું હવે સમય થઈ ગયો છે એમ તમને નથી લાગતું?

‘‘ચલ ભારત, ઉઠ ભારત, સંગ હમકો ચલના હૈ
ધરતી કે હિરો કો ફિર સે અબ ચમકના હૈ’’
પોષણ કા સાગર જિસમે
જ્વાર બાજરા હૈ વો
રાગી, કુટકી ઔર ઝિંગોરા
આઓ જાને ક્યા હૈ વો
તપતી ધૂપ મેં ભી ઉગે રહે
જોર જ્યાદા માગે ન જો
અપનાયે આજ ઉસે તો
કલ કી સુરત બદલે વો
‘‘ચલ ભારત, ઉઠ ભારત, સંગ હમકો ચલના હૈ
ધરતી કે હિરો કો ફિર સે અબ ચમકના હૈ’’
Stay Healthy, Stay Happy.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# વાર્ષિક ઉત્સવ

## સરસ્વતી કુમાર શાળા-૧













## વાર્ષિક ઉત્સવ

### જે. એન. બાલિકા વિદ્યાલય













# વાર્ષિક ઉત્સવ

## શાંતિકુમાર કોઠારી વિદ્યાલય












# વાર્ષિક ઉત્સવ

## અ.હ.સરસ્વતી વિદ્યાલય





## અસારવા વિદ્યાલય







email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# કેવી નિશાળ ગમશે?

- ડૉ. પ્રવીણ મકવાણા

(ગુણવંત શાહ ''વિચારોના વૃંદાવનમાં'' કોલમમાં લખાયેલ આ લેખ વાચકોને શાળાની પસંદગી સમયે ઉપયોગી થાય તેમજ લોકો માતૃભાષાનું મહત્ત્વ સમજે તે માટે સંપાદિત કરી મૂકું છું. સૌ વાચકોને ગમશે જ એવો મને વિશ્વાસ છે.)

માતા-પિતાની અંદરની ઝંખના નિશાળની પસંદગી કરવામાં ગજબની મુશ્કેલી સર્જે છે. શું બે હાથમાં લાડુ હોય એ શક્ય છે? હા, એ શક્ય પણ છે અને ઈચ્છનીય પણ છે. માતા-પિતાની ઝંખના કંઈક આવી છે : એ નિશાળમાં gifted શિક્ષકો હોય. એમને ઊંચો પગાર આપવા માટે ફી વધારે રાખો તો તેમાં અમને વાંધો નથી. અમારાં સંતાનોને એવું કડકડાટ અંગ્રેજી ભણાવો કે મોટો થાય ત્યારે વાંધો ન આવે, એ નિશાળનું માધ્યમ ગુજરાતી હોય અને અંગ્રેજીનું શિક્ષણ ઉત્તમ હોય.

તકવાદી ન હોય તેવા સૌ મનુષ્યોના મૂળભૂત માનવ અધિકારોમાં ઊંડી નિષ્ઠા હોવાને કારણે એક ખાસ વાત ગુજરાતની પ્રજાને કહેવી છે. પોતાની માતૃભાષા દ્વારા શિક્ષણ મેળવવું એ પ્રત્યેક બાળકનો મૂળભૂત માનવ અધિકાર છે. જેમ બાળમજૂરી સામાજિક અપરાધ ગણાય છે, તેમ અન્ય ભાષાના માધ્યમ દ્વારા બાળકને શિક્ષણ આપવું એ પણ અપરાધ ગણાવો જોઈએ. દુનિયાની કોઈપણ ભાષા પવિત્ર છે. અંગ્રેજી એક સમૃદ્ધ ભાષા છે. એના પ્રત્યે દ્વેષ રાખનાર કે પછી એની અવગણના કરનાર માણસ મહામૂર્ખ હોવાનો. સર્વ ભાષા સરસ્વતી.

માનવ-ઈતિહાસમાં સ્થાન પામેલો એક પણ મહાન વિચારક બતાવો જેનું શિક્ષણ પોતાની માતૃભાષાના માધ્યમમાં ન થયું હોય. સોક્રેટિસ, પ્લેટો, એરિસ્ટોટલ, પાયથાગોરસ અને હિરેક્લિટસ માતૃભાષામાં જ ભણ્યા હતા. આઈન્સ્ટાઈન અને બટ્રૉંડ રસેલ માતૃભાષામાં જ ભણ્યા હતા. ટોલ્સટોય અને ચેખોવ માતૃભાષામાં જ ભણ્યા હતા. ગાંધીજી અને વિનોબા ઉપરાંત રજનીશ માતૃભાષામાં જ ભણ્યા હતા. કલાપિ ભણ્યા હતા માતૃભાષામાં પરંતુ અંગ્રેજી સાહિત્યનું એમનું વાચન કોઈ અંગ્રેજ પ્રોફેસર કરતાં લગીરે ઓછું ન હતું. માતૃભાષાનું ગૌરવ જેમનું સ્થાપિત હિત છે એવા ગુજરાતીના પ્રાધ્યાપકો ક્યારે જાગશે?

શું મૌલિકપણે વિચારવાની કુશળતાને શિક્ષણમાં કોઈ સ્થાન ખરું? ગયે મહિને નાગપુરમાં ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામે કહ્યું કે વિજ્ઞાનનું શિક્ષણ બાળકોને માતૃભાષામાં જ આપવું જોઈએ. તેઓ પોતે પણ દસમા ધોરણ સુધી માતૃભાષા દ્વારા જ ભણ્યા હતા. આપણા જાણીતા વિજ્ઞાની ડૉ. જયંત નારલીકરે પણ ગણિત અને વિજ્ઞાન જેવા વિષયો માતૃભાષામાં જ ભણાવવા જોઈએ એવો આગ્રહ રાખ્યો છે. જો ગોખણપટ્ટી જ શિક્ષણના કેન્દ્રમાં રહેવાની હોય તો પોપટને 'સુશિક્ષિત' ગણવો પડશે. બાળકો માહિતીની વખાર બની રહે એ જ આપણો ઉદ્દેશ હોય, તો આપણાં ઘરમાં પુસ્તકોનો આહાર કરતી ઊધઈને પંડિત કહેવી

પડે. બાળકની સર્જકતાને ખીલવા ન દે એવી અંગ્રેજી માધ્યમની ભવ્ય દુકાનોને 'નિશાળ'નો દરજ્જો પ્રાપ્ત થયો છે. સાવ જ છીછરી બાબતોથી અંજાઈ જતી પ્રજા મહાન બનવાની તકલીફથી આબાદ બચી જાય છે!

ઓમાન જેવા નાના દેશમાં એક કાયદો છે. ત્યાં દવા કે ટૂથપેસ્ટ જેવી બધી ચીજના બોક્સ પર અંગ્રેજી ઉપરાંત સ્થાનિક ભાષામાં વિગતો આપવાનું ફરજિયાત છે. આપણે ત્યાં જુદો રિવાજ છે. દુકાનોનાં પાટિયાં અને બોક્સ પર અંગ્રેજીના ચિતરામણ જોવા મળે છે. અંગ્રેજી ન વાંચી શકનારા ૮૦-૯૦ ટકા જેટલા લોકોનું શું? બાલ ઠાકરેની એક પણ વાત સાથે સંમત થવાનું મુશ્કેલ છે, પરંતુ દુકાનોનાં પાટિયાં પર મરાઠી લખાણ હોય એવા આગ્રહ સાથે અસંમત થવાનું મુશ્કેલ છે. બોલો! આવો આગ્રહ રાખવામાં અંગ્રેજીનો વિરોધ કર્યો એમ કહેવાય? અંગ્રેજી ન જાણનાર માટે 'ક્લોઝ અપ' ટૂથપેસ્ટ એટલે શું?

આજનાં માતા-પિતા પોતાનાં બાળકો માટે કેવી નિશાળ ઈચ્છે છે? વાલીઓ કદી ગુજરાતી માતૃભાષાના વિરોધી નથી હોતાં. તેઓ બંને હાથમાં લાડુ હોય એવી ઈચ્છા રાખે છે. આવતીકાલે સમગ્ર વિશ્વમાં માતૃભાષા ગૌરવ દિનની ઉજવણી થશે. યુરોપ, અમેરિકા, રશિયા, ઓસ્ટ્રેલિયા, જાપાન, ચીન અને આરબ દેશોમાં એ ઉજવણી સાવ જ ફિક્કી જણાશે, કારણ કે ત્યાં તો માતૃભાષા ગૌરવવંતી અને ગુણવંતી છે જ ! ગુલામ હતા એવા બધા દેશોમાં જ એ દિનની ઉજવણી ધ્યાનાકર્ષક જણાશે. આજના ભારતીય માતા-પિતા મજબૂર છે અને મજબૂરીના રંગરોગાન પણ ઓછા ક્યાં છે? માતા-પિતાની અંદરની ઝંખના નિશાળની પસંદગી કરવામાં ગજબની મુશ્કેલી સર્જે છે. શું બે હાથમાં લાડુ હોય એ શક્ય છે? હા, એ શક્ય પણ છે અને ઈચ્છનીય પણ છે. માતા-પિતાની ઝંખના કંઈક આવી છે :

એ નિશાળમાં gifted શિક્ષકો હોય. એમને ઊંચો પગાર આપવા માટે ફી વધારે રાખો તો તેમાં અમને વાંધો નથી. અમારા સંતાનોને એવું કડકડાટ અંગ્રેજી ભણાવો કે મોટો થાય ત્યારે વાંધો ન આવે. એ નિશાળનું માધ્યમ ગુજરાતી હોય અને અંગ્રેજીનું શિક્ષણ ઉત્તમ હોય. એ નિશાળમાં સ્વિમિંગ પૂલ હોય અને ત્યાં યોગની તાલીમ અપાતી હોય. એ નિશાળનું જિમ્નેશિયમ ઈન્ટરનેશનલ કક્ષાનું હોય અને શિક્ષણમાં ભારતીય સંસ્કૃતિની સુગંધ હોય. (યાદ રહે કે પ્લેટોની એકેડેમી જિમ્નેશિયમ પર શરૂ થઈ હતી. જર્મન ભાષામાં સ્કૂલ માટેનો શબ્દ 'જિમ્નેશિયમ' છે.)

શું આવી અપેક્ષાઓ રાખવાનો માતા-પિતાને અધિકાર નથી? અમદાવાદની વિદ્યાનગર હાઈસ્કૂલના આચાર્ય મિત્ર હિંમત કપાસીએ નિશાળમાં શાસ્ત્રીય સંગીત ઉપરાંત બિથોવનની સિમ્ફની સાંભળવા ઉત્સુક હોય એવા કાનની કેળવણી વિદ્યાર્થીઓને આપી હતી. આપણી નિશાળોમાં સંગીત લગભગ ગેરહાજર હોય છે. સુરતમાં સદ્‌ગત ચંદ્રવદન શાહે સ્થાપેલ 'જીવનભારતી' નિશાળમાં રોજ થતા સંમેલન (એસેમ્લી)માં એવું સંગીતમય પ્રાર્થનામય-વિચારમય પર્યાવરણ સર્જેલું કે ખબર ન પડે એમ વિદ્યાર્થીઓને જીવનનું ભાથું મળી જાય. અમદાવાદમાં કવિ સ્નેહરશ્મિ આચાર્ય હતા. હવે એ નિશાળમાં પણ અંગ્રેજી

માધ્યમ ઘૂસી ગયું! લોકો નિશાળ જાણે દુકાન (મોલ) કે મલ્ટિપ્લેક્સ જેટલી સ્વચ્છ બની જાય તેવું ઈચ્છે છે! એક જમાનામાં કવિ સ્નેહરશ્મિ અને કુ. ઈન્દુમતી શેઠની નિશાળ સી. એન. વિદ્યાવિહાર (અમદાવાદ)માં પણ ગાંધીસુગંધની માવજત માતૃભાષાના માધ્યમથી થતી. કાલે ઊઠીને કોઈ જીવંત આચાર્ય કે પ્રાઈવેટ મેનેજમેન્ટ ગુજરાતી માધ્યમની એવી નિશાળ શરૂ કરે કે જેમાં ઉત્તમ અંગ્રેજી ભણાવાતું હોય તો! તો એ નિશાળમાં પ્રવેશ માટે પડાપડી થાય. આવી પ્રથમ નિશાળ ક્યારે? એવી નિશાળ જોવા માટે લાંબું જીવવું પડે?

યાદ છે? માતૃભાષા વંદનાયાત્રાને એક વર્ષ પૂરું થયું. એ યાત્રામાં રઘુવીર ચૌધરી અને ઉષા ઉપાધ્યાયે પસંદ કરેલ ૧૦૦ જેટલાં ઉત્તમ પુસ્તકોનું વેચાણ રૂપિયા વીસ લાખ પર પહોંચેલું. આપણી ગુજરાતી સાહિત્ય પરિષદ માતૃસ્થાને છે. એમાં શરૂ થયેલા માતૃભાષા સંવર્ધન કેન્દ્ર દ્વારા ભાષાના કૌશલ માટે વર્ગો ચાલે છે. મહામંત્રી રાજેન્દ્ર પટેલ તો ખરા જ, પરંતુ તેમાં સક્રિયપણે સર્વશ્રી રતિલાલ બોરીસાગર, મનસુખ સલ્લા, યોગેન્દ્ર વ્યાસ, પુરુષોત્તમ જી. પટેલ, અરવિંદ ભંડારી સાથે આદરણીય મુરબ્બી રવિન્દ્ર દવે જેવા શિક્ષણવિદ્ પણ ખાસ સક્રિય છે. દૂર રહીને પણ ડૉ. ભદ્રાયુ વછરાજાની અને ડૉ. મોતીભાઈ પટેલ માતૃભાષાના ગૌરવની જાળવણી માટે સક્રિય છે. આ પ્રવૃત્તિ પૈસાના અભાવે ન અટકે તેવી સોલિડ આર્થિક વ્યવસ્થા પણ થઈ ચૂકી છે. દુનિયામાં ક્યાંય ન યોજાયું હોય એવું 'વાંચે ગુજરાત' અભિયાન ગુજરાતમાં પુસ્તકક્રાંતિ સર્જી રહ્યું છે. શિક્ષણસચિવ હસમુખ અઢિયા કેવળ સરકારી ઉચ્ચાધિકારી નથી, પરંતુ માતૃભાષાને મોહબ્બત કરનારા નાગરિક પણ છે. યાદ છે? આ કટારમાં ગુજરાતી સાહિત્ય પરિષદના રા.વિ. પાઠક સભાગૃહની અવદશા અંગે તીખી ટકોર થયેલી. એ સભાગૃહ અધ્યતન બને તે માટે બીજે જ દિવસે આદરણીય મોરારિબાપુએ પાંચ લાખ પરિષદને મોકલી આપ્યા હતા. આનંદની વાત એ છે કે આવતા જુલાઈ સુધીમાં એ રા. વિ. સભાગૃહના પુનઃનિર્માણનું કામ પૂરું થઈ જશે. સભાગૃહ જોઈને આંખ અને કાન ઠરશે.

માતૃભાષા આપણી આંખ છે અને અંગ્રેજી ભાષા આપણી પાંખ છે. બંને જરૂરી છે. ત્વચાને ભોગે વસ્ત્રની માવજત ન હોય. આંખને ભોગે ચશ્માનું જતન ન હોય. આપણા આદરણીય કવિ ઉમાશંકર જોશીની શતાબ્દીના વર્ષમાં આપણે આટલું પણ ન કરીએ? ઉમાશંકરભાઈ મૂર્ધન્ય અને આપણે ધન્ય!

કેળવણીના કેમિકલ્સ : હું ટર્કીશ ભાષામાં જ લખું છું. મને એવી પરિસ્થિતિની કલ્પના પણ નથી, જેમાં બીજી કોઈપણ ભાષામાં લખી શકાય. મારે માટે લખવાની અત્યંત સંવેદનશીલ અને કાવ્યમય બાજુએ જ કે તમે વાચકોને તમારી પોતાની ભાષામાં પહોંચો! અન્ય ભાષા મને અકુદરતી લાગ્યા કરે છે. અંગ્રેજી ભાષાનું લખાણ અન્ય પ્રાદેશિક ભાષાઓના લેખકો પર છવાઈ જાય તેથી તો કેટલી બધી માનવીય અનુભૂતિ હાંસિયામાં ધકેલાઈ જાય છે!

'ઓરહાન પામુક'

**ડૉ. પ્રવીણ મકવાણા 'ગાફેલ'**
આંગણકા પ્રા. શાળા, તા.મહુવા, જિ. ભાવનગર

# શિક્ષક વિદ્યાર્થી સંબંધ
## ગિજુભાઈ બધેકાની નજરે...

- જીતેન્દ્રકુમાર ચંદ્રકાન્તભાઈ નાયક (જીતુ નાયક)

*"પળે પળે નાનાં બાળકોમાં વસતા મોટા આત્માના હું દર્શન કરું છું. એ દર્શન મારામાં એ પ્રેરણા ઉપજાવી રહ્યું છે કે બાળકોના અધિકારોની સ્થાપના કરવાને જ હું જીવતો રહું અને એ કામ કરતાં જ મરી ખૂટું."*

આ પવિત્ર શબ્દો જેના છે એ ગિજુભાઈ બધેકાનો જન્મ ૧૫મી નવેમ્બર ૧૮૮૫ના રોજ ભાવનગર જિલ્લાના વલભીપુર ગામે થયો હતો. 'શિક્ષણ સાહિત્યના ક્રાંતિકારી પુરુષ' એવો શબ્દ ગિજુભાઈ માટે પ્રયોજવામાં જરાય અતિશયોક્તિ નથી. તેઓ શરૂઆતમાં વ્યવસાય અર્થે આફ્રિકા ગયા. પાછા આવી કાયદાનું જ્ઞાન મેળવી વકીલાતનો ધંધો શરૂ કર્યો. આ સમય દરમિયાન તેમના ઘરે ૧૯૧૩માં એક દીકરાનો જન્મ થયો. આ દીકરાનો ઉછેર, શિક્ષણ અને સંસ્કાર માટેની ચિંતાઓ કરતાં કરતાં માદામ મોન્તેસોરીનું બાળકેળવણીનો નવો અને સાચો માનવીય અભિગમ ધરાવતું પુસ્તક તેમના હાથમાં આવી ગયું. આજ એમનાં જીવનનો વળાંક અને ગુજરાતી શિક્ષણ ક્ષેત્રે થયેલી સાચી દોરવણીની શરૂઆત. પછી તો સમગ્ર ગુજરાતના બાળકોની ચિંતા કરવા લાગ્યા અને વકીલાતનો વ્યવસાય છોડી દઈને ભાવનગરની દક્ષિણામૂર્તિ શિક્ષણસંસ્થામાં જોડાઈ ગયા. બસ ત્યારથી માર-ભાર વિનાના ભણતરના આગ્રહી આપણા સૌના પ્યાર અને આદર્શ 'મૂછાળી મા' ના હુલામણા નામથી જાણીતા બનેલા ગિજુભાઈ બધેકા બાળશિક્ષણ અને બાળસાહિત્યના બ્રહ્મા બની ગયા.

શિક્ષક એ રાષ્ટ્ર નિર્માણનો ઘડવૈયો છે તો બાળક રાષ્ટ્ર નિર્માણનો પાયો છે. આ વાત ગિજુભાઈ ખૂબ જ સારી રીતે જાણતા હતા. માટે જ શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેના સંબંધને તેમણે ખૂબ જ મહત્ત્વ આપ્યું છે. શિક્ષક ત્યારે જ સફળ થાય છે કે જ્યારે તે ભણતર સાથે તન્મય થઈ જાય છે. ભણનાર ત્યારે જ સફળ થાય છે કે જ્યારે તે ભણવનાર સાથે એકતાર થઈ જાય છે. ભણનાર-ભણાવનારની એકતાનતા એટલે જ વિદ્યાની ઉપાસના. આ ભણતર માત્ર ક ખ ગ ઘ...નું હોય કે ભગવદ્ ગીતાનું હોય. જ્યાં આ ભણતર ચાલતું હોય ત્યાં વિદ્યાદેવીનું મંદિર છે ને ત્યાં એની પૂજા અર્ચના ચાલતી જ રહે છે.

બાળક પ્રથમ દરેક કામ જાડું કરે છે. આગળ વધતાં એ જ કામ ઝીણું કરે છે. રંગના જાડા લીટા કાઢતાં કાઢતાં પરિણામે તે આછા લીટા કાઢતાં શીખે છે. શરૂઆતમાં બાળક બેસવું, ઊઠવું, ખાવું, પીવું, બોલવું વગેરે કામ બેતાલ ને બેઢંગું કરે છે પણ આગળ વધતાં તે સૌંદર્યપૂર્ણ તાલબદ્ધ અને મેળવાળું દેખાય છે. આમ બાળક જાડામાંથી ઝીણા તરફ જતું હોય છે. શિક્ષણમાં આ વિચાર મહત્વનો છે. એકાએક ઝીણી દૃષ્ટિનો આગ્રહ રાખવો એ ભૂલ છે. વિકાસ સાથે જ મનુષ્યની દૃષ્ટિ આગળ વધશે ને એમ મનુષ્ય પ્રગતિને માર્ગે આગળને આગળ જશે. વિકાસનો આ ક્રમ સ્વાભાવિક છે. એને આપણે સૌ શિક્ષકો એ ધ્યાનમાં રાખવો જોઈએ.

સાચો ગુરુ તે જ છે જે પોતે જાણતો નથી કે હું ગુરુ છું. તે સદા શિષ્યભાવે પોતાને ભાળે છે. જ્યાંથી પણ વિદ્યા મળે છે ત્યાંથી સહજ ભાવે લઈ લે છે. સાચા ગુરુને સાચો શિષ્ય જ પારખે છે. એવી જ રીતે સાચો ગુરુ સાચા શિષ્યને તાવે છે. સાચો શિષ્ય તેમાં આનંદ લે છે. ખોટો ગુરુ શિષ્યને આંજે છે અને દંભને ઓપ આપે છે. ગુરુ શ્રોત્રીય, બ્રહ્મનિષ્ઠ અને દયાળુ હોય એવું શાસ્ત્રોમાં કહ્યું છે. શ્રોત્રીય થવું ઘણું જ સહેલું છે. શાસ્ત્રોને પોપટની જેમ જાણવા માત્ર ભારરૂપ છે. બ્રહ્મનિષ્ઠ પણ થઈ શકાય. તત્વદર્શનના જાણકાર પણ અભિમાની હોય છે. કોઈ વિરલ ગુરુમાં જ દયાળુતા હોય છે. તેવો ગુરુ શિષ્યના અજ્ઞાનથી પીડાય છે. તેને ફેડવા જાતે જ દુઃખ સહન કરે છે. જ્યાં સુધી શિષ્યનો ઉદ્ધાર ન થાય ત્યાં સુધી શિષ્યને કષ્ટ આપી પોતે કષ્ટ સહન કરે છે. તે શિષ્યને જાણ થવા દીધા વિના જ શિષ્યને મોટો કરી પોતે નાનો રહી તેનું હિત સાધે છે. આવો સદ્‌ગુરુ જેને મળે છે તે શિષ્ય ધન્ય બને છે. બાળક એટલે ક્ષણે ક્ષણે વિકસતો, નવું નવું જાણતો અને અલગ અલગ નિરીક્ષણ કરતો જીવ, બાળકની દૃષ્ટિ પ્રશ્નાત્મક છે. તેનું હૃદય ઉદ્‌ગારાત્મક છે. તેનાં વ્યાકરણમાં પ્રશ્નચિહ્ન છે પણ પૂર્ણવિરામ ક્યાંય નથી. બાળક એટલે મૂર્તિમંત ગતિ, બાળક પાસે સ્વલ્પવિરામ પણ નહિ. બાળકોને આપણે એમ ન કહીએ કે બસ આમ જ કરો હું કહું છું કે કરો પણ બાળકોને આપણે કહીએ જુઓ હું કેમ કરું છું હું કરું છું તેમ તમે પણ કરી શકો છો.

શિક્ષણું કાર્ય વહેતા પાણી જેવું છે. જ્યાં સુધી મનુષ્યના શિક્ષણનો પ્રશ્ન છે ત્યાં સુધી મનુષ્યની સર્વ શક્તિઓને વૃત્તિઓનો અભ્યાસ કર્યા વિના ના ચાલે. જેને ભણવાનું છે તેને જાણીએ નહિ, તેને શું ગમે છે, શું નથી ગમતું તેનો વિચાર કરીએ નહિ તો ભણતરનું કામ નિષ્ફળ જવાનું. શિક્ષણના કામનું સાર્થક્ય એક-બે વિષયો ભણાવી દેવામાં કે અમુક ધોરણ માટે તૈયાર કરવામાં કે ધોરણ ૧૦ અને ૧૨ પાસ કરાવી દેવું કે ગ્રેજ્યુએટ બનાવી દેવામાં નથી. ખરું શિક્ષણ બાળકને કે મનુષ્યને તેની અંદર રહેલી અનંત શક્તિઓનું જ્ઞાન કરાવવામાં છે. તેને પ્રાણવાન કરી તેનો કેવો ઉપયોગ કરવો એનું રહસ્ય બતાવવામાં છે. આમ કરવા માટે બાળકની શક્તિઓને સન્માનવી જોઈએ. તેના વૈયક્તિક વિકાસને પ્રથમ સ્થાન મળવું જોઈએ. તેને ભણાવવાને બદલે જાતે જ જ્ઞાનનો માર્ગ શોધી લેવા પ્રેરવો જોઈએ. આ કામ આજના શિક્ષકનું છે.

અને અંતે સમગ્ર ચિંતનના સાર રૂપે એટલું કહેવા માંગું છું કે... સરદાર કોણ થઈ શકે? જેણે સાચી સિપાઈગીરી ઉઠાવી હોય તે. શેઠ કોણ થઈ શકે? જેણે સાચી નોકરી કરી જાણી હોય તે. રાજા કોણ થઈ શકે? જેણે પ્રજાનું દર્દ અંતરથી અનુભવ્યું હોય તે. શિક્ષક કોણ થઈ શકે? જેણે સાચું વિદ્યાર્થી જીવન ગાળ્યું હોય તે.

જય હિન્દ... ભારતમાતા કી જય... વંદે માતરમ્...

(આધાર : ''પ્રાસંગિક મનન''

લેખક : ગિજુભાઈ બધેકા, પ્રથમ આવૃત્તિ, ૧૯૩૪)

# આકાશની ઓળખ

- કુમારપાળ દેસાઈ

આજના ધર્મોનો વ્યાપક વિચાર જરૂરી છે. તાજેતરમાં 'કોવિડ પેન્ડેમિક એન્ડ વર્લ્ડઝ રિલિજિયન્સ' પુસ્તકમાં જુદા જુદા ધર્મનાં લેખો પ્રકાશિત થયાં. જેમાં એ સમયે કોવિડની મહામારીમાં ધર્મોની શી સ્થિતિ થઈ? ધર્મોની ઉપાસના કઈ રીતે થઈ અને એ ધર્મએ માનવજાતને કઈ રીતે મદદ કરી? અથવા તો એ ધર્મ એની પરંપરાને કારણે કેવી ભૂલ કરી બેઠો એની વિદ્વાનો દ્વારા ચર્ચા કરી છે. દુનિયાના તમામ મહત્ત્વનાં ધર્મોએ કરેલાં કોવિડ પેન્ડેમિકના સામનાને દર્શાવતા આ પુસ્તકમાં જૈન ધર્મ વિશે લંડનના ડૉ. વિનોદ કપાસીએ અને કુમાળપાળ દેસાઈએ લખ્યું છે અને તે ગ્રંથ સૂચવે છે કે પરિવર્તનને પારખી નહીં શકનાર ધર્મ એ ભારે વિસંવાદ સર્જે છે.

પરિવર્તનને ઓળખવા માટે સતત ગતિશીલ દૃષ્ટિ જોઈએ અને જે ધર્મ પોતે સમય મુજબ જરૂરી પરિવર્તન સાધે છે એ જ ધર્મ એનું અસ્તિત્વ ટકાવી શકે છે. તમે કહેશો કે આનો પુરાવો શો? જરા જગતની સંસ્કૃતિઓનો વિચાર કરો કે એ સંસ્કૃતિઓ નષ્ટ થઈ ગઈ, જેણે પરિવર્તનનો સ્વીકાર કર્યો નહીં. એ ગ્રીસની સંસ્કૃતિ કે રોમન સંસ્કૃતિનાં આજે અવશેષો મળે છે, ત્યારે ભારતીય સંસ્કૃતિ હજી આજેય અડીખમ ઊભી છે. આથી જરૂરી પરિવર્તન પર દૃષ્ટિ રાખવી જોઈએ. ઘણીવાર પરંપરા નદીના વહેતા પ્રવાહને બદલે સાંકડા વર્તુળમાં આવેલા સરોવર જેવી બની જાય છે. આ પરંપરા સામે અનેક પડકારો હોય છે. એવું પણ બને છે કે ધર્મના મૂળ સિદ્ધાંતો અને વર્તમાન સમયે એને અનુલક્ષીને કરવામાં આવતા ક્રિયાકાંડો કે વિચારધારાઓ સાવ ભિન્નરૂપે પ્રવર્તતા હોય છે. વિજ્ઞાને પણ એ પરંપરા પાસે પરિવર્તન માંગ્યું છે અને આપણે જાણીએ છીએ કે જે સંસ્કૃતિ પરિસ્થિતિ સાથે પરિવર્તન માંગ્યું છે અને આપણે જાણીએ છીએ કે જે સંસ્કૃતિ પરિસ્થિતિ સાથે પરિવર્તન પામતી રહી તે જ આ જગતમાં ટકી શકી છે. એનો તાદ્રશ અનુભવ તો કોરોનાકાળમાં આપણે આપણી કેટલી બધી માન્યતાઓ, પરંપરાઓ, ધર્મવિધિઓ અને ધર્મ આચરણોમાં ફેરફાર કરવો પડ્યો હતો. એટલે કે પરિવર્તન એ આવશ્યક બને છે. પરંપરા પ્રત્યે વિવેક દૃષ્ટિ રાખીને તથા હેય ઉપાદેયનો વિચાર કરીને ધર્મભાવનાએ આગળ વધવું જોઈએ.

આથી હવે અમારે એ ઈતિહાસનું પુનરાવર્તન નથી કરવું કે જેને લીધે યુદ્ધો થયાં. માન્સ કિંગ કહે છે. 'જો ધર્મો વચ્ચે શાંતિ પ્રવર્તતી નહીં હોય તો દેશો વચ્ચે અશાંતિ રહેશે. વિવિધ ધર્મો વચ્ચે સંવાદ નહીં થાય તો ક્યારેય શાંતિ નહીં સ્થપાય.'

છેલ્લાં પાંચ હજાર વર્ષમાં ઓછામાં ઓછાં નાનાં-મોટા થઈને પંદર હજાર યુદ્ધો થયાં છે,.માણસજાત એક એવી જાત છે કે એણે જેટલા એના જાતભાઈઓને મારી નાખ્યા છે, એટલા બીજી કોઈ જાતિએ એના જાતભાઈઓને મારી નથી નાખ્યા.

જગતમાં આજે બે જ પરિસ્થિતિ છે. એક યુદ્ધની અને બીજી છદ્મ યુદ્ધની. આતંકવાદ અને બોંબ વિસ્ફોટનું ઠંડું યુદ્ધ જગત પર ભરડો લઈને

બેઠું છે. આજનો માનવી સાધનસંપન્ન બન્યો, પણ સૌથી મોટામાં મોટો ઘસારો એના જીવનને લાગ્યો છે, એનાં જીવનમૂલ્યોને લૂણો લાગ્યો છે. એમની જીવનરીતિ અર્થપ્રાધાન્ય નહીં, પણ માત્ર 'અર્થ' દોડ બની ગઈ છે.

ધર્મ વિશે આપણે ત્યાં ઘણી-ઘણી વાતો, ચર્ચાઓ, વિવાદો અને છેક આંદોલનો થાય છે. રાજકારણીઓએ મત રળવા માટે એનો વેપાર પણ કર્યો છે જ્યારે બીજી બાજુ વિશ્વધર્મ વિશેની પ્રવર્તમાન વિચારણાથી આપણે ઘણા દૂર ચાલ્યા ગયાં છીએ. ઓગણીસમી સદીમાં સ્વામી વિવેકાનંદ, વર્લ્ડ પાર્લામેન્ટ ઓફ રીલિજિયન્સમાં ગયા. ૧૮૯૩ની ૧૧મી સપ્ટેમ્બરે યોજાયેલી આ વિશ્વધર્મ પરિષદમાં સૌરાષ્ટ્રના મહુવા ગામના ૨૯ વર્ષના યુવાન વીરચંદ રાઘવજી ગાંધી પણ ગયા હતા. એ સાંખ્ય વેદાંત, અદ્વૈત, બૌદ્ધદર્શન અને જૈનદર્શનને જાણતા હતા. એમણે એ વખતે ત્યાં યુનિવર્સલ મેનની વાત કરી અને વિશ્વમાં સૌ પ્રથમ યુનિવર્સલ મેન અને યુનિવર્સલ રીલિજિયનની વાત સ્વામી વિવેકાનંદ અને વીરચંદ ગાંધીએ કરી હતી.

મહાત્મા ગાંધીજીએ આમાંથી જ એક સરસ વાત કરી વ્યાપક ધર્મભાવનાની. જુદા જુદા ધર્મોના સુંદર અંશો લઈને એનો એક સરસ મજાનો સમુચ્ચય કરીને માણસ જીવે. વર્તમાન વિશ્વ ધર્મને બહુ જુદી રીતે જુએ છે.

દક્ષિણ આફ્રિકાના કેપટાઉન શહેરમાં ભરાયેલી વિશ્વધર્મ પરિષદના પ્રારંભે પ્રાર્થનાનું ગાન કરાયું કે, 'હે ઈશ્વર, અમને આ એઈડ્સની બીમારીમાંથી ઉગારજે, કે જેને પરિણામે આજે આફ્રિકા ખંડમાં રોજ ૨૫૦૦૦ માણસો આ ભયાનક બીમારીના શિકાર બને છે. એનો અર્થ એ કે જે ધર્મ પૃથ્વી પર જીવતા માણસનો-માનવતાનો વિચાર કરતો નથી, એ ધર્મ નથી, કિંતુ અધર્મ છે. ૧૯૯૩ની શિકાગોમાં ભરાયેલી વિશ્વધર્મ પરિષદના પ્રારંભે રેડઈન્ડિયનોએ ગીત રજૂ કર્યું હતું. જેમાં એમની પાસેથી વિના કારણે ભૂમિ છીનવી લેનારાઓ પર આક્રોશ ઠાલવ્યો હતો. જેને જંગલી અને આદિવાસી ગણીને અત્યાર સુધી ધુત્કાર્યા એવા રેડઈન્ડિયન્સનું ગીત રજૂ થયું.' આ રેડઇન્ડિયનો સવાલ ઉઠાવતા હતા કે અમે તમારો કશોય ગુનો કર્યો નથી. અમારી જમીનના ભાગ તમે શું કામ લઈ જાઓ છો? અમને અમારી નાની કોમને શાંતિથી જીવવા દો. આમ પ્રાર્થના હવે માત્ર મંગલમય ગાન નથી રહી. એ દબાયેલી, કચડાયેલી, રૂંધાયેલી માનવજાતની વેદનાની ચીસ બની ગઈ છે. હવે અગણિત ભેદો-પેટાભેદો મિટાવીને માણસને પરસ્પરને ચાહવા અને શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ માટે ધર્મ જોઈએ છીએ. માણસને રિબાવવા, શોષણ કરવા, અત્યાચાર અને આક્રમણ માટેના ધર્મની જરૂર નથી. એકબીજાની લાગણી મેળવવા માટે અને માનવીય ગુણને મહોરવા માટે ધર્મ જોઈએ છીએ.

એક વખત પૂર્વ આફ્રિકાના કેન્યા દેશના પ્રવાસમાં મને વિચિત્ર વિચાર આવ્યો. મેં મારા મિત્રને કહ્યું કે મારે આફ્રિકાના નૈરોબીની ઝૂંપડપટ્ટી જોવી છે. એને પહેલાં તો બહુ આઘાત લાગ્યો કે મને આવું ક્યાંથી સૂઝ્યું? વળી એને આ ઝૂંપડપટ્ટી ક્યાં છે, એની કશી ખબર નહોતી. એ ત્રીસ વર્ષથી નૈરોબીમાં રહેતો હતો. એણે તપાસ કરી અને તપાસ કર્યા પછી એણે મને કહ્યું કે દૂરના અમુક વિસ્તારમાં આ ઝૂંપડપટ્ટી આવેલી છે, પણ હું તમને ત્યાં ન

લઈ જાઉં કારણ કે ત્યાં જવાનું આપણું કામ નહીં. મેં મારા અન્ય ભારતીય મિત્રોને કહ્યું કે મારે આ ઝૂંપડપટ્ટી જોવી છે. દુનિયાનાં સરસ દૃશ્યો જોયાં છે. ઈંગ્લેન્ડનું કુદરતી સૌંદર્યથી સભર લેક ડિસ્ટ્રિક્ટ જોયું હોય અને અંગ્રેજ કવિ વર્ડ્ઝવર્થની પ્રકૃતિ કવિતા ગુંજી ઊઠી હોય. હવે મારે એ પણ જોવું છે કે દુનિયામાં નર્ક કેવું હોય છે. જ્યાં ડ્રગ છે, જ્યાં દારૂ છે, વ્યસન અને વ્યભિચાર છે અને બિહામણી ગરીબી છે. છેવટે એક માણસે કહ્યું કે આ વિસ્તારમાં ચાલતી શાળા માટે એક પાદરીને ડોનેશન રૂપે પ્રતિવર્ષ મકાઈ આપું છું. એ પાદરી કદાચ તમને આ વિસ્તારની અંદર લઈ જાય. હું એ પાદરી પાસે ગયો અને મેં કહ્યું કે મારે આ ઝૂંપડપટ્ટી જોવી છે. એને પહેલાં તો લાગ્યું કે આ કોઈ વિચિત્ર માણસ લાગે છે! પછી કહ્યું ચાલો હું તમને બતાવું પણ શરત એટલી કે મોટરમાંથી હાથબહાર નહિ કાઢવાનો, નહિ તો આ તમારો હાથ કોઈ કાપી નાખશે અને ઘડિયાળ લઈ જશે. મેં નૈરોબીની એ ઝૂંપડપટ્ટી જોઈ. અહીં પોશો ચિલ્ડ્રન હોય છે. પોશો એટલે મુઠઅઠી મકાઈ. ગરીબી એટલી કે કોઈ સ્ત્રીએ એક મુઠ્ઠી મકાઈને માટે પોતાનો દેહ આપ્યો હોય અને એમાંથી જે બાળકો થયા એને પોશો ચિલ્ડ્રન કહેવાય. અહીં પચાસ ટકા વસ્તી.એચ.આઈ.વી. ગ્રસ્ત છે. અને મેં પેલા પાદરીને કહ્યું કે તું? આ વિસ્તારમાં એ સ્કૂલ ચલાવે છે. મને સ્કૂલમાં લઈ ગયો. આ સ્કૂલ એટલે થોડા બાંકડા, માથે છાપરું બીજું કંઈ નહિ. મને કહે કે ઘણીવાર સોમવારે બાળક ભણવા આવે ત્યારે થોડી વારમાં બેભાન બની જાય, કારણ એવું કે શનિ-રવિની રજામાં એને કશું ખાવા ન મળ્યું હોય. સોમથી શુક્ર સુધી અહીંયા અમે એને મકાઈ આપીએ, થોડો લોટ ખાવા આપીએ આ બધાંથી એમનું જીવન ટકતું હોય. આ પાદરી મૂળ પોર્ટુગલનો. કુરાને શરીફ પર મહાનિબંધ લખ્યો હતો. અને આફ્રિકાનો આ વિસ્તાર એનું કાર્યક્ષેત્ર હતું. એણે અહીં એક હોસ્ટેલ બનાવી હતી. એ હોસ્ટેલ બતાવવા લઈ ગયો. એ હોસ્ટેલમાં એચ.આઈ.વી. ગ્રસ્ત વેશ્યા સ્ત્રીઓ હતી. એઈડ્સ ફેલાય નહિ એ માટે એ સ્ત્રીઓને આ માણસ જુદા જુદા હુન્નરો શીખવતો. એમાંથી આવક થતી અને એમનું ગુજરાન ચાલતું. ગરીબીનું આવું દૃશ્ય મેં બીજે ક્યાંય જોયું નથી. મેં એને એક દિવસ સવાલ કર્યો, અમે તો આ એઇડ્સનું નામ સાંભળીને ડરીએ છીએ. તું આ બધાની વચ્ચે રહે છે તો તને ડર નથી લાગતો? મને કહે, હા એક દિવસ પચ્ચીસ વર્ષની છોકરી મારે ત્યાં આવી અને આવીને એણે કહ્યું કે આ દુનિયા બહુ ખરાબ છે. આ દુનિયામાં માણસ જેટલું બિનવફાદાર પ્રાણી બીજું કોઈ નથી. અને સગાંવહાલાં જેવાં બીજા કોઈ દુશ્મનો નથી.

પાદરીએ એને પૂછ્યું કે તને શું થયું? એણે કહ્યું કે મને એઈડ્સ થયાનું ડૉક્ટરોએ નિદાન કર્યું અને મારા ઘરવાળાંએ કૂતરાથી પણ બદતર રીતે મને ઘરની બહાર કાઢી મૂકી. હું બહાર ઊભાં ઊભાં રોટલો માંગુ, આપતા નથી. આ પાદરીએ એને સમજાવીને શાંત પાડી.

પહેલાં તો આ યુવતી ભારપૂર્વક કહે કે મને એઈડ્સ છે જ નહીં. પાદરીએ ડૉક્ટરને બોલાવ્યા, બતાવ્યું. એને એઈડ્સ માલૂમ પડ્યો. ધીરે ધીરે એને શાંત પાડી. એની જગત તરફની કટુતા ઓછી કરી.

*(અનુસંધાન પૃષ્ઠ ૪૨ ઉપર)*

# શિક્ષણનું ખરું મંદિર ગ્રંથાલય

- મનસુખ સલ્લા

હમણાં (૩૧/૧૨/૨૩) પૂ. મોરારિબાપુની લોકભારતીના સહયોગ માટેની રામકથા નિમિત્તે લોકભારતી જવાનું થયું. જ્યારે જ્યારે લોકભારતી જાઉં ત્યારે બધે નિરાંતે ફરું. એ વાતાવરણમાં શ્વાસ લેવાનું ગમે. વહેલી સવારે હું એકલો ફરતો હતો ત્યાં વિજ્ઞાનભવન બાજુથી ખેડીત જેવા લાગતા બે ભાઈઓ સામે મળ્યા. તેમણે મને ઊભો રાખીને પૂછ્યું, 'આ ગામ જેવડી મોટી સંસ્થા છે તો એમાં મંદિર નથી?' મેં ઉત્તરમાં કહ્યું, 'હા, છે ને મંદિર.'

તેમણે કહ્યું, 'અમે ગઈ કાલના બધે ફરી વળ્યાં. પણ ક્યાંય મંદિર જોવા નો મળ્યું.' મેં તેમને સારસ્વતભવન તરફ આંગળી ચીંધીને કહ્યું, 'આ સામે દેખાય છે ને એ સંસ્થાનું મંદિર છે. તમે મંદિરમાં જઈને રામ, કૃષ્ણ, સંતો, ભક્તોને જુઓ છો ને? એમ પાંચ હજાર વર્ષના ભગવાન, મહાપુરુષો, વિચારકો, તુલસીદાસજી, નરસિંહ મહેતા જેવા સંતો એમાં બેઠા છે અને આ એવા ભગવાન છે કે પાંચ હજાર વર્ષ વટાવીને તમારી સાથે વાત કરવા માંડે.'

એટલે તેમણે કહ્યું, 'હા, ઈ વાત ખરી. પણ પહેલીવાર જાણ્યું કે પુસ્તકાલય મંદિર ગણાય.' મેં હિંમત કરીને કહ્યું, 'આ જ ખરાં મંદિર છે જે આપણને શીખવે છે કે સાચું જીવન કેમ જીવાય.' તેઓ રાજી થતા ગયા.

આ કેવળ લોકભારતી માટે જ નહિ, તમામ શિક્ષણસંસ્થાઓ (બાલમંદિરથી યુનિવર્સિટી સુધીની બધી) માટે સાચું છે. જ્ઞાન પણ આપણને સાચી આંખ આપે છે. - વસ્તુ, સ્થિતિ, વ્યક્તિ કે ઘટનાને સમજવાની, પામવાની દૃષ્ટિ આપે છે. મેં અગાઉ મારા પુસ્તક 'અનુભવની એરણ પર'માં ગ્રંથાલયને શિક્ષણસંસ્થાનું હૃદય તરીકે ઓળખાવેલું છે. પણ પહેલી વખત મને લાગ્યું કે મંદિરમાં ભાવની અને વિચારની જે આંતરિકતા, સૂક્ષ્મતા અને વ્યાપકતા છે એ જોતાં ગ્રંથાલયને શિક્ષણસંસ્થાનું ખરું મંદિર ગણવું જોઈએ.

માણસ સ્વાર્થ, લોભ, ઈર્ષા કે અવિચારને કારણે મંદિરને પણ સ્થૂળ બનાવી શકે છે. એટલે કે માત્ર મકાન બનાવી શકે છે. પણ ગ્રંથાલયો ભેદની બધી દિવાલોને ભાંગવાનું શીખવી શકે છે. ત્યાં વર્તમાનની ભોંય પર ભૂતકાળ અને ભવિષ્યકાળનું મિલન થાય છે.

શિક્ષણસંસ્થાઓએ જો સરસ્વતીની ઉપાસના કરવી હોય (જે રાષ્ટ્રની પણ જરૂરિયાત છે) તો પોતાના વિદ્યાર્થીઓને નવી દૃષ્ટિ, ઉત્તમ ભાવનાઓ અને પ્રશ્નોના ઉકેલની યોગ્ય દિશા શીખવવી જોઈએ. તો ગ્રંથાલયને મંદિરનો દરજ્જો આપવાની જરૂર છે. અપૂજ મંદિર જેમ પ્રજાની દૃષ્ટિહીનતાનું પ્રતિક છે, તેમ શિક્ષણ સંસ્થામાં દરેક પુસ્તકને એનો વાચક ન મળે તો એ એવી જ દૃષ્ટિહીનતા છે. એટલે શિક્ષણ સંસ્થાઓએ ગ્રંથાલયને કાયમ સર્વસુલભ, ચેતનવંત અને નિત્યનૂતન રાખવું જોઈએ.

# સંસ્થા સમાચાર (અસારવા વિદ્યાલય)

- કે. ડી. પટેલ






**દિકરીઓ માટે સ્વબચાવ માટે તાલીમ**

અમદાવાદ મિલીટરી એન્ડ રાઈફલ ટ્રેનીંગ એસોસિએશન, ખાનપુર, અમદાવાદ દ્વારા આયોજિત બેઝિક વુમન ઓફ ડિફેન્સ ટ્રેનીંગ કેમ્પનું આયોજન થાય છે. તા. ૦૧/૦૧/૨૦૨૪ થી તા. ૧૦/૦૧/૨૦૨૪ એમ ૧૦ દિવસ અસારવા વિદ્યાલયની ૨૩ વિદ્યાર્થિનીઓએ સ્વબચાવ માટે શીખવા જેવી સેલ્ફ ડિફેન્સ ટેક્નિક્સ તથા કરાટેના બેઝિક દાવની તાલીમ લીધી હતી. તે બદલ રાઈફલ ક્લબ તરફથી સર્ટિફિકેટ પણ મેળવ્યું છે. અભિનંદન.

## સંસ્થા સમાચાર (જે. એન. બાલિકા વિદ્યાલય)

- કે. ડી. પટેલ






દિવાન બલ્લુભાઈ સેકન્ડરી સ્કૂલ,કાંકરિયા ખાતે તારીખ ૧૫/૧૨/૨૦૨૩ના રોજ 'ભગવદ્ ગીતાનો જીવનમાં ઉપયોગ' વિષય પર વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં મોટી સંખ્યામાં શાળાઓએ ભાગ લીધો હતો. જેમાં જે. એન. બાલિકા વિદ્યાલયની વિદ્યાર્થિની **મકવાણા આસ્થા કલ્પેશભાઈ**એ પ્રથમ નંબર મેળવેલ હતો અને સંસ્થા અને શાળા પરિવાર તરફથી આસ્થાબેનને ખૂબ ખૂબ અભિનંદન

# વિદ્યાર્થી આલમ

## અહેવાલ-૧ : ISROની મુલાકાત

- વોરા અનુષ્કા એ.
ધોરણ-૭-ઘ, સરસ્વતી કુમાર શાળા-૧

અમારી શાળામાંથી અમને ૧૮/૧૦/૨૦૨૩ને બુધવારના રોજ ISRO પ્રદર્શન જોવા લઈ ગયા હતા. તેનું નામ VSSE હતું. ત્યાં અમને જાણવા મળ્યું કે VSSE નું પૂરું નામ વિક્રમ સારાભાઈ સ્પેસ ઍક્ઝિબિશન છે. ત્યાં અમને એ પણ જાણવા મળ્યું કે ISRO નું પૂરું નામ ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન છે અને ISRO ની સ્થાપના ૧૫ ઓગસ્ટ ૧૯૬૯ના રોજ કરવામાં આવી હતી. ISROનું મુખ્ય કાર્યાલય બૅંગ્લોર શહેરમાં આવેલું છે. પછી અમે ત્યાં એક ફિલ્મ જોઈ. એ ફિલ્મ જોયા પછી અમને સેટેલાઈટ વિશે માહિતી આપવા લઈ જવામાં આવ્યા. અમે ત્યાં ગયા અને ત્યાં એક મેડમ હતા, તેમણે અમને સેટેલાઈટ વિશે જાણકારી આપી કે સેટેલાઈટ કઈ રીતે કામ કરે છે અને તેને કઈ રીતે બનાવવામાં આવે છે. તેમણે એ પણ સમજાવ્યું કે સેટેલાઈટ, કેમેરા... વગેરે બનાવવાનું કાર્ય આ ISROમાં થાય છે. ત્યારપછી અમને રોકેટ વિશે માહિતી આપવા લઈ જવામાં આવ્યા. ત્યાં પણ એક મેડમ હતા. એમણે અમને રોકેટો વિશે જાણકારી આપી કે, રોકેટ કઈ રીતે બનાવવામાં આવે છે, તેનું વજન કેટલું હોય છે અને તેને લોન્ચ કર્યા પછી તેના કયા કયા ભાગો કેવી રીતે છૂટા પડે છે. રોકેટને કઈ રીતે લોન્ચ કરવું જોઈએ અને કેવી રીતે ન કરવું જોઈએ, તે બધું સમજાવ્યું. તેમણે કહ્યું કે GSLV રોકેટનું પૂરું નામ જીયોસિનક્રોનસ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ છે. અને PSLV રોકેટનું પૂરું નામ પોલર સેટેલાઈટ લોન્ચ વ્હીકલ છે. તેમણે ચંદ્રયાન ૧, ૨ અને ૩ વિશે જાણકારી આપી કે, તેમને ક્યારે બનાવવામાં આવ્યા હતા અને કેવી રીતે તેમને લોન્ચ કર્યા પછી તેમના કયા કયા ભાગો કેવી રીતે છૂટા પડે છે અને કાર્ય કરે છે, તે જાણકારી આપી હતી. તેમણે કહ્યું કે ચંદ્રયાન ૧ અને ૨ સફળ લેન્ડિંગ ન કરી શક્યું હતું. તેમણે એ પણ કહ્યું કે ચંદ્રયાન-૧ ૨૨ ઑક્ટબર ૨૦૦૮માં PSLV રોકેટે લોન્ચ કર્યું હતું. ચંદ્રયાન-૨ ૨૨ જુલાઈ ૨૦૧૯માં GSLV રોકેટે લોન્ચ કર્યું હતું અને ચંદ્રયાન-૩ ૧૪ જુલાઈ ૨૦૨૩માં ૨:૩૫ મિનિટે LVM રોકેટ દ્વારા લોન્ચ થયું હતું. LVM રોકેટનું પૂરું નામ લોન્ચ વ્હીકલ માર્ક છે. તેમણે એ પણ કહ્યું કે અત્યારે હાલ ૨૦૨૩માં ISROએ જે રોકેટ લોન્ચ કર્યું છે, ''આદિત્ય એલ-1'' PSLV રોકેટ દ્વારા લોન્ચ થયું છે. તે આદિત્ય એલ -1 PSLV રોકેટનું બનેલું છે. તેમણે એ પણ કહ્યું હતું કે, સૂર્યનું બીજું નામ આદિત્ય છે અને વિક્રમ સારાભાઈએ પાંચ પોઈન્ટ બનાવ્યા હતા. એલ-1, એલ-2, એલ-3, એલ-4, એલ-5. એમાંથી (આદિત્ય એલ-1) આ રોકેટમાં એલ-1નો ઉપયોગ થયો હોવાથી (આદિત્ય એલ-1) આ રોકેટનું નામ ''આદિત્ય એલ-1'' રાખવામાં આવ્યું છે. આ જાણકારી મેળવ્યા પછી અમને એક રૂમમાં લઈ ગયા, જ્યાં કેટલાક અવકાશયાત્રી અને વૈજ્ઞાનિકોના પોસ્ટર

હતા. ત્યાં અમારા બધાના ફોટા પાડ્યા અને પછી ત્યાં અમારા વજન કરાવ્યા કે, દરેક ગ્રહ પર આપણું વજન કેટલું થાય છે. તે નોંધવા કહ્યું. પછી અમે બહાર નીકળીને સૌરપરિવારનો પ્રોજેક્ટ જોયો. પછી અમે જ્યાં ફિલ્મ જોઈ હતી, ત્યાં ગયા અને ત્યાંના સાહેબે અમે જે કંઈ પણ જોયું તેના વિશે પ્રશ્નો પૂછ્યા અને એમાં અમને કોઈ પ્રશ્ન થતો હોય તો તે પણ પૂછવા કહ્યું. અમે પણ થોડા ઘણા પ્રશ્નો કર્યા. અમને નવું જાણવા મળ્યું. પછી અમે બહાર આવ્યા અને નાસ્તો કરવા બેઠા. નાસ્તો કર્યા પછી બસ આવી એટલે અમે ઘરે આવ્યા. આ પ્રવાસ યાદગાર રહેશે.

❀ ❀ ❀

## અહેવાલ-૨ : શૈક્ષણિક પ્રવાસ (ગાંધી આશ્રમ અને સરદાર પટેલ સ્મારક ભવન)

**- મકવાણા જૈમિન બંટીભાઈ**
**ધોરણ-૮ ખ, સરસ્વતી કુમાર શાળા-૧**

### ગાંધી આશ્રમ

અમે બધા વિદ્યાર્થીઓ ગાંધી આશ્રમ જોવા ગયા હતા. અમારી સાથે અમારા શિક્ષકો પણ આવ્યા હતા. ગાંધી આશ્રમમાં ગાંધીજીની ખૂબ જ સુંદર મૂર્તિઓ જોઈ. અમે ત્યાં ગાંધી બાપુનો ચરખો જોયો. ત્યાં ઘણા બધા ચરખા આવેલા હતા. તે કેવી રીતે ચાલે તે પણ સમજાવ્યું. ત્યારપછી ગાંધીબાપુનું ઘર બતાવ્યું. ઘર ખૂબ જ સુંદર હતું. તે ઘરનું નામ હૃદયકુંજ હતું. ઘરમાં અમને તેમની કેટલીક ચીજ-વસ્તુઓ જોવા મળી. જેવી કે તેમના ચશ્મા, ચંપલ, વાસણો વગેરે. ગાંધીજી ચરખાનો ઉપયોગ કરી સુતર કાંતતા તેની પણ માહિતી મેળવી. જુદા-જુદા નાના-મોટા ચરખાનું પ્રદર્શન હતું. ત્યારબાદ અમે ગાંધીબાપુની ફિલ્મ જોઈને ગાંધીબાપુના જીવનની માહિતી મેળવી હતી. ગાંધી આશ્રમમાં અમને ઘણું બધું જાણવા તથા શીખવા મળ્યું. ગાંધીજીને જેલમાં પૂરવામાં આવ્યા હતા, તે જેલ પણ બતાવી. ત્યાં ખૂબ જ શાંતિ અને સ્વચ્છતા હતી. આ બધું જાણ્યા પછી અમે સરદાર પટેલ સ્મારક ભવન ગયા.

### સરદાર પટેલ સ્મારક ભવન

સરદાર પટેલ સ્મારક ભવન જતા જ અમે તો ચકિત થઈ ગયા. કારણ કે સરદાર પટેલ સ્મારક કેટલું ઊંચું હતું. તે પછી અમે સ્મારકની અંદર પ્રવેશ્યા. પ્રવેશતાં જ અમને એક પ્રોજેક્ટર રૂમમાં લઈ ગયા અને પ્રોજેક્ટરમાં અમને સરદાર વલ્લભભાઈના જન્મથી લઈ મૃત્યુ સુધી ઘણું બધું ફિલ્મ દ્વારા સમજાવવામાં આવ્યું હતું. તેમનો જન્મ એક નાના ગામડામાં થયો હતો.

વલ્લભભાઈએ કેટલાક આંદોલન કર્યા હતા. તેની જાળવણી કરી હતી. ત્યારબાદ અમે પ્રોજેક્ટર રૂમથી બહાર આવ્યા તો સ્મારકની અંદર ગયા. ત્યાં તો જતા જ અમે ચકિત રહી ગયા. કારણ કે આગળ એક ટેબલ પર સરદાર પટેલ અને તેમના ભાઈની મૂર્તિ હતી અને તે મૂર્તિ એટલી બધી અદ્વિતીય લાગતી હતી કે જાણે તેઓ સાક્ષાત આપણી સામે બેઠા છે. ત્યારબાદ ઉપર રૂમમાં ગયા તો અંગ્રેજોની મૂર્તિઓ હતી. ત્યારબાદ નીચેના રૂમમાં આવ્યા તો ત્યાં અમે ૫૬૨ દેશી રજવાડાના ફોટા પણ હતા. આ બધું જોયા પછી અમે નીચે આવ્યા ત્યાં તો સરદાર પટેલનો પહેરવેશ જોયો. તેમની કોટી, તેમના કપડાં, ચંપલ-બૂટ, ચાદર, તકિયા વગેરે જોયું. ત્યાં તેમને જે જેલમાં રાખ્યા હતા

તે જેલ પણ બતાવી. જેલમાં સૂવા માટે ખાટલો, ચાદર અને તકિયો પણ હતો. ત્યારપછી અમે સ્મારકની બહાર આવ્યા અને અમારા શિક્ષકોએ અમારા ખૂબ જ સુંદર-સુંદર ફોટા પાડ્યા. ત્યારપછી અમે એક અનોખી મૂર્તિ જોઈ ત્યાં તો સરદાર પટેલ, ગાંધીબાપુ અને ચાચા નહેરુ કંઈક વાત કરી રહ્યા હોય તેવી મૂર્તિ હતી. આ બધું જોઈ અમે મેદાનમાં આવ્યા. મેદાનમાં ઠંડા પીણાં, ચા વગેરે પીધું. પછી અમે મેદાનમાં રમ્યા અને ખૂબ જ મજા માણી. ત્યારબાદ અમે બસમાં બેસીને નાચતા અને અંતાક્ષરી રમતા-રમતા પાછા શાળાએ આવ્યા. ખરેખર અમને ખૂબ જ મજા આવી.

❀ ❀ ❀

## વકતૃત્વ સ્પર્ધા - હાલના સમયહાલના સમયમાં ભગવદ્ગીતાનો ઉપયોગ

**- મકવાણા જૈમિન બંટીભાઈ**

**ધોરણ-૮ ખ, સરસ્વતી કુમાર શાળા-૧**

ભગવદ્ગીતા એ દુનિયાના અમૂલ્ય ગ્રંથોમાંનો એક ગ્રંથ છે. ભગવાન શ્રીકૃષ્ણએ તેને આશરે ૫૦૦૦ વર્ષો પહેલાં કહી છે. આ ગ્રંથ ભલે હિન્દુ ધર્મનો હોય પરંતુ જ્યારે કોઈ અન્ય ધર્મનો વ્યક્તિ તેના તરફ પ્રેરાય છે ત્યારે તે કોઈ ધર્મ પૂરતો મર્યાદિત રહેતો નથી.

દુનિયાની કોઈ મેનેજમેન્ટ સંસ્થા એટલું ન શીખવી શકે જેટલું ભગવદ્ગીતા આપણને શીખવે છે. ભગવદ્ગીતાનો ઉપયોગ આધ્યાત્મિક ગુરુઓ જ નહીં પરંતુ મેનેજમેન્ટ સ્કૂલો, કૉલેજો, આયુર્વેદિક સ્થળે તથા યોગા સ્ટુડિયોમાં પણ કરે છે. હાલના સમયનો યુવાન જે તેની આજુબાજુના વાતાવરણથી, ઘરની પરિસ્થિતિથી તથા જીવનની મુશ્કેલીઓથી હાર માની લે છે, તેણે જીવનમાં એકવાર તો ભગવદ્ગીતાનું વાંચન કરવું જ જોઈએ.

**અધ્યાય-૪ શ્લોક-૨૬**

કામક્રોધવિયુક્તાનાં યતીનાં યતથેત્સામ્ ।

અભિતો બ્રહ્મનિર્વાણં વર્તતે વિદિતાત્મનામ્॥

જે વ્યક્તિ તેની ઈન્દ્રિયો, કામ-ક્રોધ અને યુક્તિઓ પર પોતાનો કાબુ મેળવી લે છે, તે મનુષ્ય દુનિયામાં ક્યાંય નબળો પડતો નથી.

ભગવદ્ગીતાનો પાઠ શાળાઓમાં એકવાર તો રાખવો જ જોઈએ. જેનાથી બાળકોમાં નાનપણથી જ સારા ગુણો વિકસે, ખરાબ કર્યો ન કરે, કારણ કે આજનો વિદ્યાર્થી એ આવતીકાલનો રાજકીય નેતા અને મોટો અધિકારી હશે અને જો તે કર્મના ફળને જાણતો હશે, તો તે કરોડોના કૌભાંડો કરતાં ડરશે. તેથી ભગવદ્ગીતામાં જણાવવામાં આવ્યું છે કે મનુષ્ય જે પ્રમાણે કર્મ કરશે તેને તે પ્રમાણે જ ફળ મળશે. મનુષ્યનો તેના કર્મ ઉપર અધિકાર છે, કર્મના ફળ ઉપર નહીં.

ભગવદ્ગીતાનો ઉપયોગ દુનિયાભરમાં જોવા મળે છે. દુનિયાના ઘણાં બધા ડૉક્ટરો અને બિઝનેસમેનો તેનો ઉપયોગ કરે છે.

એકવાર એક ડૉક્ટરને ત્યાં ઈન્સોમેનિયા એટલે કે અનિંદ્રાથી પીડાતો એક દર્દી ગયો, તો ડૉક્ટરે તેને દવાને સ્થાને ભગવદ્ગીતા આપી અને કહ્યું કે તમે રોજ સૂતા પહેલાં ૧૦ મિનિટ આનું વાંચન કરજો. તમારો આ રોગ દૂર થઈ જશે. થોડા જ દિવસોમાં ભગવદ્ગીતાના વાંચનથી તેમનો આ રોગ દૂર થઈ ગયો.

ભારતનું ન્યાયશાસન પણ તેનું અનુસરણ કરે છે, તેને પવિત્ર માને છે. જ્યારે કોર્ટરૂમમાં



email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

ગુનાની કબૂલાત કરાવવાની હોય ત્યારે ગુનેગારને ભગવદ્ગીતા ઉપર હાથ મૂકીને અસત્ય ન બોલવાની સોગંધ અપાવવામાં આવે છે. ભગવદ્ગીતાનો આ રીતનો ઉપયોગ કેટલે અંશે યોગ્ય છે તે આપણે બધાં જાણીએ જ છીએ.

એક મશહૂર પ્રેરક વક્તા અને બિઝનેસમેન વિવેક બિન્દ્રા ખૂબ મોટા પાયે પુસ્તકો લખે છે. તેમને એકવાર તેમના ગુરુજીએ કહ્યું કે તમે તમારા બિઝનેસ સાથે ભગવદ્ગીતાને જોડી દો. આ કાર્ય ખૂબ અઘરું હતું, પરંતુ એક વાર તેમણે અમેરિકાના લેખક અને શિક્ષક 'સ્ટીફન આર. કોવેય'નું એક પુસ્તક 'ધ સેવન હેબિટસ ઑફ હાઈલી ઈફેક્ટીવ પીપલ'માં મહત્ત્વની સાત સારી આદતો આપી છે, જે તેમણે ભગવદ્ગીતામાંથી વાંચીને લીધી છે. તે પુસ્તક દુનિયાભરમાં ખૂબ લોકપ્રિય બન્યું છે.

ભગવદ્ગીતા એ દુનિયાના તમામ પુસ્તકોનો સમૂહ છે, તેમ કહી શકાય. ભગવદ્ગીતા આપણને કેવી રીતે જીવન જીવવું જોઈએ તે શીખવે છે. શું કરવું, શું ન કરવું તેની પ્રેરણા આપે છે. ભગવદ્ગીતા આપણને સામાજિક અને મનોવૈજ્ઞાનિક રીતે ખૂબ જ ઉપયોગી છે.

ભગવદ્ગીતાના શ્લોકો દ્વારા આપણને જે ઉપદેશો મળ્યા છે તેના આચરણથી મનુષ્ય કણથી મણ સુધી પહોંચી શકે છે. ભગવદ્ગીતાના ઉપદેશો આપણને સફળતાનો મૂળમંત્ર આપે છે, તેના વાંચનથી મનુષ્યને અશાંતિમાંથી શાંતિ મળે છે, તેનાથી હૃદયમાં સકારાત્મક ઊર્જાનું સર્જન થાય છે.

ભગવદ્ગીતાથી દુનિયાના ઘણાં બધાં લોકો પ્રેરણા પામે છે. તે લોકો ભગવદ્ગીતાને પોતાનું આદર્શ માને છે. જેવા કે, સ્વામી વિવેકાનંદ, વિનોબા ભાવે, સફિન હસન, જય વસાવડા, વિવેક બિન્દ્રા, અબ્દુલ કલામ, ફાધર વાલેસ, સ્ટીફન કોવેટા વગેરે લોકો પ્રભાવિત થયા છે. તે લોકોએ ભગવદ્ગીતા અંગેના જે વિચારો રજૂ કર્યા છે તેને સાંભળવા જોઈએ, વાંચવા જોઈએ અને તેનું જીવનમાં આચરણ કરવું જોઈએ.

ભગવદ્ગીતા એ એવું જ્ઞાન છે જેના પર અસંખ્ય નોબેલ પુરસ્કાર પણ સમર્પિત છે. તેથી કહી શકાય કે ભગવદ્ગીતા એ દુનિયાનું સૌથી શ્રેષ્ઠ માર્ગદર્શન પૂરૂ પાડે છે.

❀ ❀ ❀

**પ્રહલાદ જેવો બનિયન**

જોન બનિયન હતો આપણે પ્રહલાદજી જેવો ટેકીલો. સત્યની ખાતર પ્રહલાદજીએ જેમ સંકટ વેઠેલા, તેમ એ સત્યની ખાતર જેલમાં રહેલો અને આપણા ટિળક મહારાજે જેમ ''ગીતા રહસ્ય'' જેલમાં રહીને લખેલું, તેમ એમણે જેલમાં લખ્યું ''પિલગ્રીમ્સ પ્રોગ્રેસ'' (યાત્રાળુની મુસાફરી). અંગ્રેજીમાં તો લગભગ ''બાઈબલ''ની સાથે એ પુસ્તક મુકાય છે. બનિયને એને એવી તો સરળ, સુંદર ભાષામાં બાળકોને માટે મૂક્યું છે કે જ્યાં જ્યાં અંગ્રેજી ભાષા બોલાય છે ત્યાં ત્યાં બાળકો માટે અદ્ભૂત પુસ્તક ગણાય છે.

- મહાત્મા ગાંધી

❀ ❀ ❀

# શિક્ષણ સમાચાર

- અશોકભાઈ સોમપુરા

**તંત્રી નોંધ :** ''ઘરશાળા'' માસિકમાં શિક્ષણ સમાચાર દર મહિને નિયમિત રીતે પ્રગટ કરવામાં આવે છે. આ સમાચાર વર્તમાનપત્રો અને સામયિકોને આધારે તૈયાર થાય છે. એટલે એ દૃષ્ટિએ જોવા વાંચકોને અમારી વિનંતી છે.

**ગોવામાં ૧૯૩ જ્યારે ગુજરાતમાં ૨૩૭૪૮ શિક્ષકની જગ્યા ખાલી :**

ગુજરાતમાં શિક્ષણ વિભાગનું બજેટ સૌથી વધુ ૪૩ હજાર કરોડનું હોવા છતાં શિક્ષકોની ભરતી નહિ કરાતાં રાજ્યમાં ૨૩,૭૪૮થી વધુ શિક્ષકોની જગા ખાલી હોવાનો ઘટસ્ફોટ થયો છે. જેમાં ધોરણ ૧ થી ૮માં રાજ્યભરમાં ૨૨,૭૨૧ અને ધોરણ ૯ થી ૧૨માં ૧૦૨૭ જેટલા શિક્ષકોની જગ્યા ભરવામાં આવી નથી.

આસામ, દિલ્હી, હરિયાણા, હિમાચલ પ્રદેશ સહિત અનેક રાજ્ય એવા છે જેમાં શિક્ષકોની જગ્યા મોટેભાગે ભરાયેલી છે. ઉત્તર-પૂર્વના કેટલાક નાના રાજ્ય પણ શિક્ષકોની ભરતીમાં, અગ્રેસર ગણાતા ગુજરાત કરતા આગળ છે. તો કેરલમાં એકપણ શિક્ષકની જગ્યા ખાલી નથી.

આ અંગેની વધુ માહિતી નીચે મુજબ છે :

| રાજ્ય | | ખાલી જગ્યા |
|---|---|---|
| ગુજરાત | - | ૨૩૭૪૮ |
| કેરલ | - | ૦ |
| સિક્કિમ | - | ૩૦ |
| ગોવા | - | ૧૯૩ |
| પોંડેચરી | - | ૨૮૫ |
| પંજાબ | - | ૧૩૪૭ |
| તામિલનાડુ | - | ૧૭૫૩ |
| દિલ્હી | - | ૫૩૪૬ |
| હરિયાણા | - | ૪૪૫૫ |
| હિમાચલ પ્રદેશ | - | ૫૭૨૪ |

**ધોરણ-૧૦-૧૨માં વર્ગદીઠ વિદ્યાર્થી સંખ્યા ૪૨ રાખવાની મંજૂરી આપવામાં આવી.**

કોરોનાને પગલે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯ થી ૧૧માં વર્ગદીઠ સરાસરી વિદ્યાર્થી સંખ્યામાં ઘટાડો થયો હતો. જેના પગલે સરકારે ગયા વર્ષે ૨૦૨૨-૨૩માં વર્ગદીઠ વિદ્યાર્થી સંખ્યાની મર્યાદામાં છૂટ આપી હતી. પરંતુ ધોરણ-૯ થી ૧૧માં વિદ્યાર્થી ઘટતા ધોરણ ૧૦-૧૨માં પણ તેની અસર થતાં આ વર્ષ માટે પણ ધોરણ ૧૦-૧૨માં ગયા વર્ષના ઠરાવની મંજૂરી ચાલુ રાખવા માટે માંગ કરાઈ હતી. જેની શિક્ષણ વિભાગે મંજૂરી આપી છે અને ધોરણ ૧૦-૧૨માં શહેરી વિસ્તારમાં ૬૦ પ્લસ ૩૬ વિદ્યાર્થી સંખ્યાને બદલે ૪૨ પ્લસ ૨૫ અને ગ્રામ્ય વિસ્તારમાં ૬૦ પ્લસ ૨૪ વિદ્યાર્થી સંખ્યાને બદલે ૪૨ પ્લસ ૧૮ વિદ્યાર્થી સંખ્યા રાખવા માટે છૂટ આપવામાં આવી છે.

ગ્રાન્ટેડ શાળાઓમાં ધોરણ ૧૦-૧૨માં પ્રથમ વર્ગ માટે ગ્રામ્ય વિસ્તારમાં ૨૪ વિદ્યાર્થી સંખ્યાને બદલે સુધારેલ સંખ્યા ૧૮ જાળવવાની રહેશે, અને શહેરમાં ૩૬ને બદલે નિયત થયેલી ૨૫ વિદ્યાર્થી સંખ્યા જાળવવાની રહેશે. જો શહેરી-ગ્રામ્યમાં આ વિદ્યાર્થી સંખ્યા ન જળવાય

તો ગ્રાન્ટેડ શાળાઓમાં વર્ગ ઘટાડાની કાર્યવાહી કરવાની રહેશે.

**વર્ગ વધારા માટે હવેથી ૩૧ ઓગસ્ટ સુધીમાં મંજૂરી આપી દેવાશે :**

ગુજરાતની માધ્યમિક તેમજ ઉચ્ચત્તર માધ્યમિક ગ્રાન્ટેડ શાળાઓના વર્ગ વધારાની પ્રક્રિયામાં ધરખમ ફેરફાર કરાયો છે. વર્ગવધારાની નિર્ણયની પ્રક્રિયા હવે દર વર્ષે ૩૧ ઓગસ્ટ સુધીમાં જ પૂરી કરી દેવાની રહેશે. આ અંગેના નિર્ણયની પ્રક્રિયા સરળ કરી દેવાઈ છે. જેમાં આધાર બેઝ્ડ ડાયસ સિસ્ટમ અને ચાઈલ્ડ ટ્રેકિંગ સિસ્ટમ ઓનલાઈન પોર્ટલ પરથી વર્ગ વધારાની સંખ્યા નક્કી કરાશે.

વર્ગ વધારા માટે ગ્રાન્ટેડ શાળાઓએ હવે ડીઈઓ કચેરી અને ત્યારબાદ સ્કૂલ ઓફ કમિશ્નર કચેરીની સમગ્ર પ્રક્રિયામાં પસાર થવાને બદલે ઓનલાઈન અરજી કરી વર્ગ વધારો મેળવી શકશે. શાળાઓએ વર્ગ વધારા માટે માત્ર સેલ્ફ ડિક્લેરેશન જ રજૂ કરવું પડશે અને ૩૧ ઓગસ્ટ સુધીમાં સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. રાજ્યમાં કુલ ૫૩૦૦ જેટલી ગ્રાન્ટેડ શાળાઓ કાર્યરત છે. આ વખતે પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેશિયો ઘટીને પાંચ ટકા થયો છે. જેના પગલે આગામી શૈક્ષણિક વર્ષથી નવા વર્ગના વધારાની જરૂરિયાત ઊભી થશે. સરકારશ્રીનો આ નિર્ણય શાળાઓ માટે ઘણો ઉપયોગી સાબિત થશે.

**ગુજરાત યુનિવર્સિટી તમામ ખાનગી કોર્સ પોતે ચલાવશે :**

ગુજરાત યુનિવર્સિટી દ્વારા જુદા જુદા અનેક કામો માટેના નિર્ણયોમાં ફેરબદલ કરવામાં આવ્યા છે. એના ભાગરૂપે યુનિવર્સિટીમાં શરૂ કરાયેલ હાયર પેમેન્ટ કોર્સીસમાં નોલેજ પાર્ટનર તરીકેના ખાનગી કંપનીઓના કોન્ટ્રેક્ટ રદ કરી દેવામાં આવ્યા છે. બીજા શૈક્ષણિક સત્રથી તમામ હાયર પેમેન્ટ-સેલ્ફ ફાઈનાન્સ કોર્સીસમાં યુનિવર્સિટીના જ નવા નીમાનાર અધ્યાપકો વિદ્યાર્થીઓને ભણાવશે અને યુનિવર્સિટી પોતે જ તમામ કોર્સ પોતાની રીતે ચલાવશે. કૉલેજમાં ભણતા વિદ્યાર્થીને ઉદ્યોગ શરૂ કરવા માટે રૂ. ૪૦ હજારની સહાય આપવામાં આવશે.

કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નાના ઉદ્યોગ શરૂ કરવા માટે ૪૦,૦૦૦ = ૦૦ રૂપિયાની આર્થિક સહાય ચૂકવવામાં આવશે. પ્રાથમિક તબક્કે ૫૦૦ જેટલા નોડલ ઓફિસર નિયુક્ત કરીને ૨૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને તેનો લાભ આપવામાં આવશે. રાજ્યના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ દ્વારા વિદ્યાર્થી ઉદ્યોગ સાહસિકતા પોલિસીની અમલવારી માટે EDII (એન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈન્ડિયા) સાથે સમજૂતી કરાર કરવામાં આવ્યા હતા. પ્રાથમિક તબક્કે આ યોજનાનો લાભ પસંદગી પામેલા ૨૦૦૦ વિદ્યાર્થી કે વિદ્યાર્થિનીઓને આપવા માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. જેના કારણે વિદ્યાર્થીઓને વિચારોનો નવો ઓપ મળશે. સ્કીલ ખીલશે અને ઉદ્યોગનું એક પ્લેટફોર્મ મળી રહેશે.

**ટૂંકાવીને...**

- સરકારી ડીગ્રી ઈજનેરી કૉલેજોના વિદ્યાર્થીને IIT-માં અભ્યાસની તક.
- ગુજરાતમાં એક સાથે ૮૭ હજાર શિક્ષકોને CPRની તાલીમ અપાઈ. શિક્ષકોને માસકાર્ડિયા પલ્મોનરી રેસિસિટેશન CPR (સીપીઆર) તાલીમ આપનારું ગુજરાત પ્રથમ રાજ્ય.
- સેન્ટ્રલ યુનિવર્સિટીના કૉનવોકેશનમાં

૩૩૨ને પદવી અને ૨૧ વિદ્યાર્થીને મેડલ આપવામાં આવ્યા.

- ગુણ ચકાસણીની અરજીઓ બાદ હાયર સેકન્ડરી TAT-ના પરિણામમાં ૨૦ ઉમેદવારો નાપાસમાંથી પાસ થયા.
- ડિ ટુ ડી ઈજનેરી-ફાર્મસી કોમન પ્રવેશ પરીક્ષા હવે અઢી કલાકની રહેશે.
- CBSE, ધોરણ-૧૨ની પરીક્ષાને લીધે ગુજકેટની પરીક્ષા ૦૨ અપ્રિલને બદલે ૩૧મી માર્ચે લેવાશે.
- ઉચ્ચ અભ્યાસના ગુજરાતીના પુસ્તકો તૈયાર કરવા એમ. એસ. યુનિવર્સિટીને જવાબાદારી સોંપાઈ. નેશનલ રેન્કિંગ કે ૩૦ ટકા કોર્સનું એક્રેડિટેશન ધરાવતી ટેકનિકલ કૉલેજોને એક વર્ષને બદલે હવે સીધી ૩ વર્ષ માટે મંજૂરી મળશે.

---

*(અનુસંધાન પૃષ્ઠ ૩૨ થી ચાલુ)*

એનામાં ધીરે ધીરે હૃદયની મોકળાશ ઊભી કરી. અને જ્યારે એ સ્ત્રી મૃત્યુ પામી ત્યારે એ પ્રભુને પ્રાર્થના કરતી હતી કે મને આવતું જીવન સારું આપજે. મૃત્યુ વેળાએ એની આંખમાં આશાનું કિરણ દેખાતું હતું. જે આ પાદરી કદી ભૂલ્યા નહીં.

આજનો માનવી ઉત્તમ તત્ત્વો લઈને અધ્યાત્મ તરફ જાય છે. પરિણામે એક સમયે ધર્માંતરની પ્રવૃત્તિ મહત્ત્વની બની હતી એને બદલે આજે હું મારા ધર્મની સારી વાત કરું. તમે તમારા ધર્મની સારી વાત કરો અને આપણે બંને સારી વાત ભેગી કરીને આપણું જીવન ઘડીએ. પૃથ્વીના ગ્રહ પર ધર્મોનું મેઘધનુષ્ય રચીએ. કઈ રીતે આ શક્ય બને? તે વિશે હવે પછી જોઈશું.

*(સાભાર - ગુજરાત સમાચાર)*

---

## સૃષ્ટિનું રહસ્ય

એ વ્યાખ્યા જો બરાબર હોય કે ‘‘જેમાં ઓછું દેખાય છે તે અંધારું અને વધારે દેખાય છે તે પ્રકાશ, તો દહાડે ધોળું અંધારું હોય છે તેથી આપણે ફક્ત પૃથ્વી અને સૂર્ય બે જ જોઈ શકીએ છીએ. પણ રાત્રે જ્યારે કાળો પ્રકાશ ફેલાય છે ત્યારે જ અનંત સૂરજવાળી ઈશ્વરની સૃષ્ટિ પ્રગટ થાય છે અને વિશ્વ કેટલું અગણિત, વિશાળ છે એનો ખ્યાલ આવે છે.’’

**જીવનનું કાવ્ય** (કાકાસાહેબ કાલેલકર)

❀ ❀ ❀

## વૈતરું

મેં સાહિત્યકૃતિઓ લખી છે, તે છતાં મારી જાતને હું પત્રકાર ગણું છું, કારણ કે મારો મુખ્ય રસ માનવીઓમાં અને તેમની પર પડતી બનાવોની અસરમાં છે. સવારના ૯ વાગ્યે હું મારા કામે ચડી જાઉં છું અને બપોરે ભોજન માટેના એક કલાકના ગાળાને બાદ કરતાં, રાતના ૮ સુધી સતત કામ ચાલુ રાખું છું - વાચન, સંશોધન અને લેખન. બરાબર સુયોગ્ય શબ્દની, શબ્દોના ઉત્તમોત્તમ સમૂહની ખોજ સતત ચાલ્યા કરે છે. હું તો વૈતરું કરનારો છું. ઘડિયાળના કાંટા સામે જોઈને હું લખું છું. પ્રેરણાની વાટ જોતો હું બેસી રહ્યો હોત તો કશું કામ થયું ન હોત. લેખનની પ્રત્યક્ષ ક્રિયામાં આનંદ છે, પરંતુ તે પૂર્વે જે બધાંમાંથી પસાર થવું પડે છે તે એક યાતના છે. લેખકને જે ટકાવી રાખે છે તે છે લખાયેલા શબ્દની શક્તિમાંની શ્રદ્ધા.

**ચરિત્રકીર્તન**

❀ ❀ ❀

# વાર્ષિક ઉત્સવ

## સરસ્વતી બાલવિહાર


















# सखि आइल बसंती बहार

सखि आइल बसंती बहार।
बगियन में गुलजार ॥
चम्पा फुलाइल, चमेली फुलाइल,
फुलवा फुलाइल कचनार।
बगियन में गुलजार।
ओ सखि.... ॥
बगियन बगियन मोतिया धमके
बेला फुलेला हजार
बगियन में गुलजार
ओ सखि.... ॥
जूही, रजनीगंधा फुलेला
ओरो फुलेला नेवार
भौंरा गूँजे हजार। सखि...
ओ सखि.... ॥
अमवा की डारी पे बोले कोयलिया
अमवा की डारी सखि अमवा की डारी।
अमवा की डारी पे बोले कोयलिया-
झूमें मंजरियाँ डार डार,
कोयल कूहके बार बार।
ओ सखि.... ॥

कमल ''सत्यार्थी''



માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક,પ્રકાશક અને તંત્રી : સજુભા ઝાલા એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. મો. ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું